શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર

શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર વિશેષ વિચારવા યોગ્ય છે
શ્રીમદ્ રાજચંદ્ર



શ્રી રાજચંદ્ર સંવત્સરી
વિ સં ૧૯૯૩

સંગ્રાહક,
ભાયાણી હરિલાલ જીવરાજભાઈ
કાપડિયા—ભાવનગર બંદર

શ્રીમદે લખેલ પત્ર

નડિયાદ આસો વદ ૧૦ શનિ ૧૯૫૨

આત્માર્થી મુનિ, વિદ્યાભ્યાસી
શ્રી લલ્લુજી, શ્રી દેવકરણજી પ્રત્યે,

શ્રી સ્થંભતીર્થ

૧ એકાંતમાં અવગાહવાને અર્થે આત્મસિદ્ધિશાસ્ત્ર આ સાથે મોકલ્યું છે. તે હાલ શ્રી લલ્લુજીએ અવગાહવા યોગ્ય છે.

૨ આત્મસિદ્ધિશાસ્ત્ર શ્રી દેવકરણજીએ આગળપર અવગાહવું વધારે હિતકારી જાણી હાલ શ્રી લલ્લુજીને માત્ર અવગાહવાનું લખ્યું છે. તો પણ જો શ્રી દેવકરણજીની વિશેષ આકાંક્ષા હાલ રહે તો પ્રત્યક્ષ સત્પુરુષ જેવો મારા પ્રત્યે કોઈએ પરમોપકાર કર્યો નથી એવો અખંડ નિશ્ચય આત્મામાં લાવી અને આ દેહના ભવિષ્ય જીવનમાં પણ તે અખંડ નિશ્ચય છોડું તો મેં આત્માર્થ જ ત્યાગ્યો અને ખરા ઉપકારીના ઉપકારને ઓળવવાનો દોષ કર્યો એમ જાણીશ અને આત્માને સત્પુરુષનો નિત્ય આજ્ઞાંકિત રહેવામાં કલ્યાણ જ એવો ભિન્નભાવરહિત લોકસંબંધી બીજા પ્રકારની સર્વ કલ્પના છોડીને નિશ્ચય વર્તાવીને શ્રી લલ્લુજી મુનિના સહચારીપણામાં એ ગ્રંથ અવગાહવામાં હાલ પણ અડચણ નથી. ઘણી શંકાઓનું સમાધાન થવા યોગ્ય છે.

સહજાત્મસ્વરૂપ.

નડિયાદમાં એક દિવસ શ્રીમદ્ બહાર ફરવા ગયા હતા ત્યાંથી [illegible] આવ્યા ત્યારે સાંજ પડી ગઈ હતી. ફાનસ મંગાવી એમાં [illegible] અને શ્રી અંબાલાલ [illegible] ધરી ઉભા રહ્યા; [illegible] તે [illegible] ૧૪૨ [illegible] સુધી [illegible] ફાનસ ધરી [illegible] પૂરી [illegible] શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર [illegible] પદની [illegible] તે [illegible] છે અને તે શ્રીમદ્‌ની [illegible] નોંધ [illegible]

શ્રીનડિયાદ આસો વદ ૧ ગુરુ ૧૯૫૨.

ૐ

શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર

શ્રીસદ્‌ગુરુચરણાય નમઃ

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુખ અનંત,
સમજાવ્યુ તે પદ નમુ, શ્રી સદ્‌ગુરુ ભગવંત ૧
વર્તમાન આ કાળમાં મોક્ષ માર્ગ બહુ લોપ,
વિચારવા આત્માર્થિને, ભાખ્યો અત્ર અગોપ્ય ૨
કોઈ ક્રિયા-જડ થઇ રહ્યા શુષ્ક જ્ઞાનમા કોઇ,
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઇ ૩
બાહ્યક્રિયામા રાચતા, અંતર્ભેદ ન કાંઇ,
જ્ઞાનમાર્ગ નિષેધતા તેહ ક્રિયાજડ આંહિ ૪

---

૧ જે આત્મસ્વરૂપ સમજ્યાવિના ભૂતકાળે હુ અનંત દુખ પામ્યો, તે પદ જેણે સમજાવ્યુ એટલે ભવિષ્યકાળે ઉત્પન્ન થવાયોગ્ય એવા અનંત દુખ પામત તે મૂળ જેણે છેદ્યુ એવા શ્રીસદ્‌ગુરુ ભગવાનને નમસ્કાર કરુ છુ

૨ આ વર્તમાન કાળમા મોક્ષમાર્ગ ઘણો લોપ થઈ ગયો છે જે મોક્ષમાર્ગ આત્માર્થિને વિચારવા માટે (ગુરુશિષ્યના સંવાદરૂપે) અત્રે પ્રગટ કહીએ છીએ

૩ કોઈ ક્રિયાનેજ વળગી રહ્યાં છે, અને કોઈ શુષ્ક જ્ઞાનનેજ વળગી રહ્યા છે, એમ મોક્ષમાર્ગ માને છે જે જોઇને દયા આવે છે

૪ બાહ્યક્રિયામાજ માત્ર રાચી રહ્યાં છે અંતર્ કંઇ ભેદાયુ નથી, અને જ્ઞાન માર્ગને નિષેધ્યા કરેછે, તે અહીં ક્રિયાજડ કહ્યાં છે

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહિ,
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ ૫
વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન
તેમજ આતમજ્ઞાનની પ્રાપ્તિ તણા નિદાન ૬
ત્યાગ વિરાગ ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન
અટકે ત્યાગ વિરાગમાં તો ભૂલે નિજ ભાન ૭
જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ ૮

---

૫ બંધ મોક્ષ માત્ર કલ્પના જ એવા નિશ્ચયવાક્ય માત્ર વાણીમાં બોલે છે અને તથારૂપ દશા થઈ નથી મોહના પ્રભાવમાં વર્તે છે એ અહીં શુષ્કજ્ઞાની કહ્યાં છે

૬ વૈરાગ્યત્યાગાદિ જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના હેતુ છે અને જ્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતા હોય તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે

૭ જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન યાં ન હોય તેને જ્ઞાન ન થાય અને જે ત્યાગ વિરાગમાં જ કી રહી, આત્મજ્ઞાનની આકાંક્ષા ન રાખે તે પોતાનું ન ભૂલે અર્થાત્ અજ્ઞાનપૂર્વક ત્યાગવૈરાગ્યાદિ હોવાથી તે સત્કારાદિથી પરાભવ પામે અને આત્માર્થ ચૂકી જાય

ં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં ત્યાં તે તે સમજે,
તે તે આચરે એ આત્માર્થી પુરુષનાં લક્ષણો છે

સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઇ નિજ પક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ ૯
આત્મજ્ઞાન સમ શિંતા, વિચરે ઉદય પ્રયોગ
અપૂર્વ વાણી પરમ શ્રુત, સદ્ગુરુ લક્ષણયોગ્ય ૧૦
પ્રત્યક્ષસદ્ગુરુ સમ નહીં, પરોક્ષજિન ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર ૧૧
સદ્ગુરુના ઉપદેશ વણ સમજાય ન જિનરૂપ,
સમજ્યાવણ ઉપકાર શો?, સમજ્યે જિનસ્વરૂપ ૧૨

---

૯ પોતાના પક્ષને છોડી દઈ, જે સદ્ગુરુના ચરણને સેવે તે પરમાર્થને પામે, અને આત્મસ્વરૂપનો લક્ષ તેને થાય.

૧૦ આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે તથા શત્રુ, મિત્ર, હર્ષ શોક, નમસ્કાર, તિરસ્કારાદિ ભાવપ્રત્યે જેને સમતા વર્તે છે માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં એવા કર્મોના ઉદયને લીધે જેમની વિચરવાઆદિ ક્રિયા છે, અજ્ઞાની કરતાં જેની વાણી પ્રત્યક્ષ જૂદી પડે છે, અને ષડ્દર્શનના તાત્પર્યને જાણે છે તે સદ્ગુરુનાં ઉત્તમ લક્ષણો છે

૧૧ જ્યાંસુધી જીવને પૂર્વકાળે થઈ ગયેલા એવા જિનની વાતપર જ લક્ષ રહ્યા કરે અને તેનો ઉપકાર કહ્યા કરે અને જેથી પ્રત્યક્ષ આત્મભ્રાંતિનું સમાધાન થાય એવા સદ્ગુરુનો સમાગમ પ્રાપ્ત થયો હોય તેમાં પરોક્ષજિનોના વચન કરતાં મોટો ઉપકાર સમાયો છે તેમ જે ન જાણે તેને આત્મવિચાર ઉત્પન્ન ન થાય

૧૨ સદ્ગુરુના ઉપદેશવિના જિનનું સ્વરૂપ સમજાય

આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર,
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિ ત્યાં આધાર સુપાત્ર.
અથવા સદ્‌ગુરુએ કહ્યાં જે અવગાહન કાજ
તે તે નિત્ય વિચારવા, કરી મતાતર ત્યાજ ૧
રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનત છે ભાખ્યું જિન નિર્દોષ ૧૫

નહીં, અને સ્વરૂપ સમજાયાવિના ઉપકાર શો થાય ? ને
સદ્‌ગુરુઉપદેશે જિનનું સ્વરૂપ સમજે તો સમજનારને
આત્મા પરિણામે જિનની દશાને પામે.

૧૩ જે જિનાગમાદિ આત્માના હોવાપણાનાં તથા પરલો
કાદિના હોવાપણાનો ઉપદેશ કરવાવાળાં શાસ્ત્રો છે તે પણ જ્યાં
પ્રત્યક્ષ સદ્‌ગુરુનો જોગ ન હોય ત્યાં સુપાત્ર જીવને આધારરૂપ
છે પણ સદ્‌ગુરુ સમાન તે ભ્રાંતિના છેદક કહી ન શકાય

૧૪ અથવા જે સદ્‌ગુરુએ તે શાસ્ત્રો વિચારવાની આજ્ઞા
દીધી હોય, તો તે શાસ્ત્રો મતાતર એટલે કુળધર્મને સાર્થક
કરવાનો હેતુ આદિ ભ્રાંતિ છોડીને માત્ર આત્માર્થે
નિત્ય વિચારવાં

૧૫ જીવ અનાદિ કાળથી પોતાના ડહાપણે અને પોતાની
ઇચ્છાએ ચાલ્યો છે એનું નામ 'સ્વચ્છંદ છે જો તે સ્વચ્છંદને
રોકે તો જરૂર તે મોક્ષને પામે અને એ રીતે ભૂતકાળે અનત
જીવ મોક્ષ પામ્યા છે એમ રાગ, દ્વેષ અને અજ્ઞાન એમાંનો એકે
હોય જેને વિષે નથી એવાં દોષરહિત વીતરાગે કહ્યું છે

પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

સ્વચ્છંદ, મતઆગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ ૧૭

માનાદિક શત્રુ મહા નિજછંદે ન મરાય,
જાતા સદ્ગુરુશરણમા, અલ્પ પ્રયાસે જાય. ૧૮

જે સદ્ગુરુઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન ૧૯

---

૧૬ પ્રત્યક્ષસદ્ગુરુના યોગથી તે સ્વચ્છંદ રોકાય છે, બાકી પોતાની ઇચ્છાએ બીજા ઘણા ઉપાય કર્યા છતા ઘણું કરીને તે બમણો થાય છે.

૧૭ સ્વચ્છંદને તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્ગુરુના લક્ષે ચાલે તેને પ્રત્યક્ષ કારણ ગણીને વીતરાગ 'સમકિત' કહ્યુ છે

૧૮ માન, અને પૂજાસત્કારાદિનો લોભ એ આદિ મહા શત્રુ છે, તે પોતાના ડહાપણે ચાલતા નાશ પામે નહીં અને સદ્ગુરુના શરણમા જતાં સહજ પ્રયત્નમા જાય

૧૯ જે સદ્ગુરુના ઉપદેશથી કોઈ કેવળજ્ઞાનને પામ્યા તે સદ્ગુરુ હજુ છદ્મસ્થ રહ્યા હોય તો પણ જે કેવળજ્ઞાનને પામ્યા છે એવા તે કેવળી ભગવાન છદ્મસ્થ એવા પોતાના સદ્ગુરુની વૈયાવચ્ચ કરે

એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ,
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય ૨૦
અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ,
મહામોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહિ ૨૧
હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર,
હોય મતાર્થી જીવ તે અવળો લે નિર્ધાર ૨૨
હોય મતાર્થી તેહને થાય ન આતમલક્ષ,
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ ૨૩

૨૦ એવો વિનયનો માર્ગ શ્રી જિને ઉપદેશ્યો છે, એ માર્ગનો મૂળ હેતુ એટલે તેથી આત્માને શો ઉપકાર થાય છે તે કોઈક સુભાગ્ય એટલે સુલભબોધી અથવા આરાધક જીવ હોય તે સમજે

૨૧ આ વિનયમાર્ગ કહ્યો તેનો લાભ એટલે તે શિષ્યાદિ પાસે કરાવવાની ઇચ્છા કરીને જો કોઈ પણ અસદ્‌ગુરુ પોતાને વિષે સદ્‌ગુરુપણું સ્થાપે તો તે મહામોહનીય કર્મ ઉપાર્જન કરી ભવસમુદ્રમાં બૂડે

૨૨ જે મોક્ષાર્થી જીવ હોય તે આ વિનયમાર્ગાદિનો વિચાર સમજે, અને જે મતાર્થી હોય તે તેનો અવળો નિર્ધાર લે એટલે કાં પોતે તેવો વિનય શિષ્યાદિ પાસે કરાવે અથવા અસદ્‌ગુરુને વિષે પોતે સદ્‌ગુરુની ભ્રાંતિ રાખી આ વિનયમાર્ગનો ઉપયોગ કરે

૨૩ જે મતાર્થી જીવ હોય તેને આત્મજ્ઞાનનો લક્ષ થાય નહીં એવા મતાર્થી જીવનાં અહીં નિષ્પક્ષપાતે લક્ષણો કહ્યાં છે

મતાર્થી લક્ષણ

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહીં તે માને ગુરુ સત્ય,
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ ૨૪
જે જિનદેહપ્રમાણ ને સમવસરણાદિ સિદ્ધિ
વર્ણન સમજે જિનનું રોકી રહે નિજબુદ્ધિ ૨૫
પ્રત્યક્ષસદ્‌ગુરુ યોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજમાનાર્થે મુખ્ય ૨૬

---

૨૪ જેને માત્ર બાહ્યથી ત્યાગ દેખાય છે પણ આત્મજ્ઞાન નથી અને ઉપલક્ષણથી અંતરંગ ત્યાગ નથી તેવા ગુરુને સાચા ગુરુ માને અથવા તો પોતાના કુળધર્મના ગમે તેવા ગુરુ હોય તોપણ તેમાંજ મમત્વ રાખે

૨૫ જે જિનના દેહાદિનું વર્ણન છે તે જિનનું વર્ણન સમજે છે અને માત્ર પોતાના કુળધર્મના દેવ છે માટે મારાપણાના કલ્પિત રાગે સમવસરણાદિ મહાત્મ્ય કહ્યા કરે છે અને તેમાં પોતાની બુદ્ધિને રોકી રહે છે એટલે પરમાર્થહેતુસ્વરૂપ એવું જિનનું જે અંતરંગસ્વરૂપ જાણવાયોગ્ય છે તે જાણતા નથી તથા તે જાણવાનુ પ્રયત્ન કરતા નથી અને માત્ર સમવસરણાદિમાં જ જિનનું સ્વરૂપ કહીને મતાર્થમાં રહે છે

૨૬ પ્રત્યક્ષસદ્‌ગુરુનો ક્યારેક યોગ મળે તો દુરાગ્રહાદિછેદક તેની વાણી સાંભળીને તેનાથી અવળી રીતે ચાલે, અર્થાત્ તે હિતકારી વાણીને ગ્રહણ કરે નહી અને પોતે ખરેખરો દૃઢ મુમુક્ષુ છે એવું માન મુખ્યપણે મેળવવાને અર્થે અસદ્‌ગુરુસમીપે જઈને પોતે તેના પ્રત્યે પોતાનું વિશેષ દૃઢપણું જણાવે

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન,
માને નિજમત વેષનો, આગ્રહ મુક્તિનિદાન ૨૭
લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું ગ્રહ્યું મત અભિમાન,
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન ૨૮
અથવા નિશ્ચયનય ગ્રહે માત્ર શબ્દની માંય
લોપે સદ્વ્યવહારને સાધનરહિત થાય ૨૯
જ્ઞાનદશા પામે નહીં, સાધન દશા ન કાંઈ,
પામે તેનો સંગ જે તે બૂડે ભવમાંહિ ૩૦

---

૨૭ દેવ નારકાદિ ગતિના ભાંગા આદિનાં સ્વરૂપ કોઈક વિશેષ પરમાર્થહેતુથી કહ્યાં છે તે હેતુને જાણ્યો નથી અને તે ભંગજાળને શ્રુતજ્ઞાન જે સમજે છે તથા પોતાના મતનો, વેષનો આગ્રહ રાખવામાં જ મુક્તિનો હેતુ માને છે

૨૮ વૃત્તિનું સ્વરૂપ શું ? તે પણ જે જાણતો નથી અને 'હું મતધારી છું ' એવું અભિમાન ધારણ કર્યું છે અને પરમાર્થના ઉપદેશનો જોગ બને તોપણ લોકોમાં પોતાનું માન અને પૂજાસત્કારાદિ જતાં રહેશે અથવા તે માનાદિ પછી પ્રાપ્ત નહી થાય એમ જાણીને તે પરમાર્થને ગ્રહણ કરે નહી

૨૯ અથવા સમયસાર કે યોગવાસિષ્ઠ જેવા ગ્રંથો વાંચી તે માત્ર નિશ્ચય નયને ગ્રહણ કરે કેવી રીતે ગ્રહણ કરે માત્ર કહેવારૂપે અંતરમાં તથારૂપ ગુણની કશી સ્પર્શના નહી, અને સદ્ગુરુ સત્શાસ્ત્ર તથા વૈરાગ્ય વિવેકાદિ સાચા વ્યવહારને લોપે તેમ જ પોતાને જ્ઞાની માની લઈને સાધનરહિત વર્તે

૩૦ તે જ્ઞાનદશા પામે નહી તેમ વૈરાગ્યાદિ સાધનદશા

એ પણ જીવ મતાર્થમા, નિજમાનાદિ કાજ,
પામે નહીં પરમાર્થને અનઅધિકારીમા જ ૩૧
નહીં કષાયઉપશાન્તતા, નહિ અંતર વૈરાગ્ય
સરળપણુ ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨
લક્ષણ કહ્યા મતાર્થીના, મતાર્થ જાવા કાજ;
હવે કહુ આત્માર્થીના, આત્મ-અર્થ સુખસાજ ૩૩

પણ તેને નથી, જેથી તેવા જીવનો સમ બીજા જે જીવને થાય તે પણ ભવસાગરમા ડુબે

૩૧ એ જીવ પણ મતાર્થમા જ વર્તે છે, કેમકે ઉપર કહ્યા જીવ તેને જેમ કુળધર્માદિથી મતાર્થતા છે તેમ આને જ્ઞાની ગણાવવાના માનની ઇચ્છાથી પોતાના શુષ્કમતનો આગ્રહ છે માટે તે પણ પરમાર્થને પામે નહી, અને અન્ અધિકારી એટલે જેને વિષે જ્ઞાન પરિણામ પામવા યોગ્ય નથી એવા જીવોમા તે પણ ગણાય

૩૨ જેને ક્રોધ-માન-માયા-લોભરૂપ કષાય પાતળા પડ્યા નથી તેમ જેને અંતર્વૈરાગ્ય ઉત્પન્ન થયો નથી આત્મામાં ગુણ ગ્રહણકરવારૂપ સરળપણુ જેને રહ્યુ નથી, તેમ સત્યાસત્યતુલના કરવાને જેને અપક્ષપાતદ્દષ્ટિ નથી તે મતાર્થી જીવ દુર્ભાગ્ય એટલે જન્મ, જરા, મરણને છેદવાવાળા મોક્ષ માર્ગને પામવા યોગ્ય એવુ તેનુ ભાગ્ય ન સમજવુ

૩૩ એમ મતાર્થી જીવનાં લક્ષણ કહ્યા, તે કહેવાનો હેતુ એ છે કે કોઈ પણ જીવનો, તે જાણીને મતાર્થ જાય હવે આત્માર્થી જીવના લક્ષણ કહીએ છીએ – તે લક્ષણ કેવાં છે ? તો કે-આત્માને અવ્યાબાધ સુખની સામગ્રિના હેતુ છે

<u>આત્માર્થી લક્ષણ</u> —

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય,
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહીં જોય ૩૪

પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો ગણે પરમ ઉપકાર,
ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

૩૪ [illegible] મુનિપણું હોય [illegible] "જં સમ્મંતિ પાસહ તં મોણંતિ પાસહ" [illegible]

૩૫ [illegible]

૩૬ [illegible]

એમ વિચારી અંતરે શોધે સદ્‌ગુરુયોગ
કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ ૩૭
કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ,
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ ૩૮
દશા ન એવી જ્યાં સુધી જીવ લહે નહીં જોગ્ય,
મોક્ષમાર્ગ પામે નહીં મટે ન અંતર્ રોગ ૩૯
આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુ બોધ સુહાય,
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય ૪૦

માર્ગ એક હોવો જોઇએ અને જેથી તે પરમાર્થ સિદ્ધ થાય તે વ્યવહાર ઉપર લક્ષ રાખવો જોઇએ બીજો નહી

૩૭ એમ અંતરમાં વિચારીને જે સદ્‌ગુરુના યોગનો શોધ કરે માત્ર એક આત્માર્થની ઇચ્છા રાખે પણ માન-પૂજાદિક સિદ્ધિરિદ્ધિની કશી ઇચ્છા રાખે નહી —એ રોગ જેના મનમાં નથી

૩૮ જ્યાં કષાય પાતળા પડ્યા છે, માત્ર એક મોક્ષપદ સિવાય બીજા કોઈ પદની અભિલાષા નથી સંસારપર જેને વૈરાગ્ય વર્તે છે, અને પ્રાણી માત્ર પર જેને દયા છે એવા જીવને વિષે આત્માર્થનો નિવાસ થાય.

૩૯ જ્યાંસુધી એવી જોગદશા જીવ પામે નહીં, ત્યાંસુધી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન થાય, અને આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો અંતર્‌રોગ ન મટે

૪૦ એવી દશા જ્યાં આવે ત્યાં સદ્‌ગુરુનો બોધ શોભે,

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ ૪૧
ઉપજે તે સુવિચારણા, મોક્ષ માર્ગ સમજાય,
ગુરુશિષ્યસંવાદથી ભાખું ષટ્પદ આંહી ૪૨

<u>ષડ્દર્શનરૂપ ષટ્પદનામકથન —</u>

'આત્મા છે,' 'તે નિત્ય છે' છે કર્ત્તા નિજકર્મ';
'છે ભોક્તા વળી 'મોક્ષ છે,' 'મોક્ષઉપાય સુધર્મ' ૪૩
ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષડ્દર્શન પણ તેહ,
સમજાવવા પરમાર્થને કહ્યા જ્ઞાનીએ એહ ૪૪

અર્થાત્ પરિણામ પામે, અને તે બોધના પરિણામથી સુખ દાયક એવી સુવિચારદશા પ્રગટે

૪૧ જ્યાં સુવિચારદશા પ્રગટે ત્યાં આત્મજ્ઞાન ઉત્પન્ન થાય અને તે જ્ઞાનથી મોહનો ક્ષય કરી નિર્વાણપદને પામે.

૪૨ જેથી તે સુવિચારદશા ઉત્પન્ન થાય અને મોક્ષમાર્ગ સમજવામાં આવે તે છ પદરૂપે ગુરુશિષ્યના સંવાદથી કરીને અહીં કહું છું

૪૩ 'આત્મા છે' 'તે આત્મા નિત્ય છે, 'તે આત્મા પોતાના કર્મનો કર્તા છે 'તે કર્મનો ભોક્તા છે,' તેથી મોક્ષ થાય છે, અને 'તે મોક્ષનો ઉપાય એવો સત્ધર્મ છે

૪૪ એ છ સ્થાનક અથવા છ પદ અહીં સંક્ષેપમાં કહ્યા છે, અને વિચાર કરવાથી ષડ્દર્શન પણ તે જ છે પરમાર્થ સમજવાને માટે જ્ઞાની પુરુષે એ છ પદો કહ્યા છે.

૧ શંકા —શિષ્ય ઉવાચ —

(શિષ્ય આત્માના હોવાપણાની શંકા કહે છે —)

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ,
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ,
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહીં કેમ ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ ૪૭

માટે છે નહીં આતમા, મિથ્યા મોક્ષઉપાય,
એ અંતર્ શંકાતણો સમજાવો સદુપાય ૪૮

---

૪૫ દૃષ્ટિમા આવતો નથી તેમ જેનું કંઇ રૂપ જણાતું નથી તેમ સ્પર્શાદિ બીજા અનુભવથી પણ જણાવાપણું નથી માટે જીવનું સ્વરૂપ નથી અર્થાત્ જીવ નથી

૪૬ અથવા દેહ જ છે તે આત્મા છે અથવા ઇંદ્રિયો છે તે આત્મા છે અથવા શ્વાસોચ્છ્વાસ છે તે આત્મા છે, અર્થાત્ એ સૌ એકના એક દેહરૂપે છે, માટે આત્માને જુદો માનવો તે મિથ્યા છે, કેમકે તેનું કશું જુદું એંધાણ એટલે ચિહ્ન નથી.

૪૭ અને જો આત્મા હોય તો તે જણાય શા માટે નહીં? જો ઘટ, પટ આદિ પદાર્થો છે તો જેમ જણાય છે, તેમ આત્મા હોય તો શા માટે ન જણાય ?

૪૮ માટે આત્મા છે નહીં. અને આત્મા નથી એટલે

૧ સમાધાન—સદ્‌ગુરુ ઉવાચ

('આત્મા છે' એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે —)

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહસમાન,
પણ તે બન્ને ભિન્ન છે જેમ અસિ ને મ્યાન ૫૦

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ
અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ ૫૧

તેના મોક્ષના અર્થે ઉપાય કરવા તે ફોકટ છે એ મારા અંતરની શંકાનો કંઇ પણ સદુપાય સમજાવો એટલે સમાધાન હોય તો કહો

૪૯ દેહાધ્યાસથી એટલે અનાદિકાળથી અજ્ઞાનને લીધે દેહનો પરિચય છે, તેથી આત્મા દેહ જેવો અર્થાત્ તને દેહ ભાસ્યો છે પણ આત્મા અને દેહ બન્ને જુદા છે, કેમકે બેય જૂદા જૂદા લક્ષણથી પ્રગટ ભાનમા આવે છે

૫૦ અનાદિકાળના અજ્ઞાનને લીધે દેહના પરિચયથી દેહ જ આત્મા ભાસ્યો છે અથવા દેહ જેવો આત્મા ભાસ્યો છે પણ જેમ તરવાર ને મ્યાન, મ્યાનરૂપ લાગતા છતાં બન્ને જુદા જૂદા છે, તેમ આત્મા અને દેહ બન્ને જુદા જૂદા છે

૫૧ તે આત્મા દૃષ્ટિ એટલે આંખથી ક્યાથી દેખાય? કેમકે ઉલટો તેનો તે જોનાર છે સ્થૂળસૂક્ષ્માદિ રૂપને જે જાણે છે અને સર્વને બાધ કરતાં કરતાં કોઇ પણ પ્રકારે જેનો

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનુ જ્ઞાન
પાચ ઈંદ્રિના વિષયનુ, પણ આત્માને ભાન ૫૨
દેહ ન જાણે તેહને જાણે ન ઈંદ્રિય પ્રાણ
આત્માની સત્તાવડે તેહ પ્રવર્તે જાણ ૫૩
સર્વ અવસ્થાને વિષે ન્યારો સદા જણાય,
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય ૫૪

બાધ કરી શકાતો નથી એવો બાકી જે અનુભવ રહે છે તે જીવનુ સ્વરૂપ છે

૫૨ કર્ણેંદ્રિયથી સાભળ્યુ તે તે કર્ણેંદ્રિય જાણે છે, પણ ચક્ષુ-ઇંદ્રિય તેને જાણતી નથી, અને ચક્ષુ-ઇંદ્રિયે દીઠેલુ તે કર્ણેંદ્રિય જાણતી નથી અર્થાત્ સૌ સૌ ઇંદ્રિયને પોતપોતાના વિષયનુ જ્ઞાન છે, પણ બીજી ઇંદ્રિયોના વિષયનુ જ્ઞાન નથી અને આત્માને તો પાચે ઇંદ્રિના વિષયનુ જ્ઞાન છે અર્થાત્ જે તે પાચે ઇંદ્રિયોના ગ્રહણ કરેના વિષયને જાણે છે તે 'આત્મા' છે, અને આત્માવિના એકેક ઇંદ્રિય એકેક વિષયને ગ્રહણ કરે એમ કહ્યુ તે પણ ઉપચારથી કહ્યુ છે

૫૩ દેહ તેને જાણતો નથી ઇંદ્રિયો તેને જાણતી નથી અને શ્વાસોચ્છ્વાસરૂપ પ્રાણ પણ તેને જાણતો નથી તે સૌ એક આત્માની સત્તા પામીને પ્રવર્તે છે નહીં તો જડપણે પડ્યાં રહે છે, એમ જાણ

૫૪ જાગ્રત, સ્વપ્ન અને નિદ્રા એ અવસ્થામા વર્તતો છતાં તે તે અવસ્થાઓથી જૂદો જે રહ્યા કરે છે, અને તે તે અવસ્થા વ્યતીત થયે પણ જેનુ હોવાપણુ છે, અને તે તે

ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન
જાણનાર તે માન નહિ, કહિયે કેવું જ્ઞાન? ૫૫
પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ,
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ ૫૬
જડ ચેતનનો ભિન્ન છે કેવળ પ્રગટ સ્વભાવ,
એકપણું પામે નહીં ત્રણે કાળ દ્વય ભાવ, ૫૭

અવસ્થાને જે જાણે છે, એવો પ્રગટસ્વરૂપ ચૈતન્યમય છે અર્થાત્ જાણ્યા જ કરે છે એવો જેનો સ્વભાવ પ્રગટ છે અને એ તેની નિશાની સદાય વર્તે છે કોઈ દિવસ તે નિશાનીનો ભંગ થતો નથી

૫૫ ઘટ પટ આદિને તું પોતે જાણે છે, ' તે છે એમ તું માને છે, અને જે તે ઘટ, પટ આદિનો જાણનાર છે તેને માનતો નથી એ જ્ઞાન તે કેવું કહેવું?

૫૬ દુર્બળ દેહને વિષે પરમ બુદ્ધિ જોવામાં આવે છે, અને સ્થૂળ દેહને વિષે થોડી બુદ્ધિ પણ જોવામાં આવે છે જો દેહ જ આત્મા હોય તો એવો વિકલ્પ એટલે વિરોધ થવાનો વખત ન આવે

૫૭ કોઈ કાળે જેમાં જાણવાનો સ્વભાવ નથી તે જડ અને સદાય જે જાણવાના સ્વભાવવાન છે તે ચેતન, એવો બેયનો કેવળ જૂદો સ્વભાવ છે, અને તે કોઈ પણ પ્રકારે એકપણું પામવાયોગ્ય નથી ત્રણે કાળ જડ જડભાવે, અને ચેતન ચેતનભાવે રહે એવો બેયનો જૂદો જૂદો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે આ વિષય ઉપર બે સુંદર કાવ્યો શ્રીમદે રચેલાં છે

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ,
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ ૫૮

૨ શંકા–શિષ્ય ઉવાચ

(આત્મા નિત્ય નથી એમ શિષ્ય કહે છે) —

આત્માના અસ્તિત્વના આપે કહ્યા પ્રકાર,
સંભવ તેનો થાય છે, અંતર્ કર્યે વિચાર ૫૯
બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ
દેહયોગથી ઉપજે, દેહવિયોગે નાશ ૬૦
અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય ૬૧

---

૫૮ આત્માની શંકા આત્મા આપ પોતે કરે છે જે શંકાનો કરનાર છે, તે જ આત્મા છે તે જણાતો નથી, એ માપ ન થઈ શકે એવું આશ્ચર્ય છે

૫૯ આત્માના હોવાપણા વિષે આપે જે જે પ્રકાર કહ્યા તેનો અંતરમાં વિચાર કરવાથી સંભવ થાય છે

૬૦ પણ બીજી એમ શંકા થાય છે કે, આત્મા છે તોપણ તે અવિનાશ એટલે નિત્ય નથી ત્રણે કાળ હોય એવો પદાર્થ નથી માત્ર દેહના સંયોગથી ઉત્પન્ન થાય, અને વિયોગે નાશ પામે

૬૧ અથવા વસ્તુ ક્ષણે ક્ષણે બદલાતી જોવામાં આવે છે, તેથી સર્વ વસ્તુ ક્ષણિક છે, અને અનુભવથી જોતાં પણ આત્મા નિત્ય જણાતો નથી.

૨ સમાધાન—સદ્‌ગુરુ ઉવાચ

('આત્મા નિત્ય છે એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે —)

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દશ્ય
ચેતનનાં ઉત્પત્તિ લય કોના અનુભવ વશ્ય? ૬૨

જેના અનુભવવશ્ય એ ઉત્પન્ન લયનુ જ્ઞાન
તે તેથી જુદા વિના થાય ન કેમે ભાન ૬૩

૬૨ દેહમાત્ર પરમાણુનો સંયોગ છે અથવા સંયોગે કરી આત્માના સંબંધમાં છે વળી તે દેહ જડ છે રૂપી છે અને દશ્ય એટલે બીજા કોઈ દ્રષ્ટાનો તે જાણવાનો વિષય છે એટલે તે પોતે પોતાને જાણતો નથી, તો ચેતનના ઉત્પત્તિ અને નાશ તે ક્યાંથી જાણે? તે દેહના પરમાણુએ પરમાણુનો વિચાર કરતાં પણ તે જડ જ છે એમ સમજાય છે તેથી તેમાંથી ચેતનઉત્પત્તિ થવાયોગ્ય નથી અને ઉત્પત્તિ થવા યોગ્ય નથી તેથી ચેતન તેમાં નાશ પણ પામવાયોગ્ય નથી વળી તે દેહ રૂપી એટલે સ્થૂલાદિ પરિણામવાળો છે અને ચેતન દ્રષ્ટા છે, ત્યારે તેના સંયોગથી ચેતનની ઉત્પત્તિ શી રીતે થાય? અને તેમાં લય પણ કેમ થાય? દેહમાંથી ચેતન ઉત્પન્ન થાય છે અને તેમાં જ નાશ પામે છે એ વાત કોના અનુભવને વશ રહી? અર્થાત્ એમ કોણે જાણ્યુ? કેમકે જાણનાર એવા ચેતનની ઉત્પત્તિ દેહથી પ્રથમ છે નહીં અને નાશ તો તેથી પહેલાં છે ત્યારે એ અનુભવ થયો કોને?

૬૩ જેના અનુભવમાં એ ઉત્પત્તિ અને નાશનુ જ્ઞાન વર્તે તે ભાન તેથી જુદા વિના કોઈ પ્રકારે પણ સંભવતુ

જે સયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય
ઉપજે નહિ સયોગથી આત્મા નિત્ય પ્રત્યક્ષ ૬૪
જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય
એવો અનુભવ કોઇને, કયારે કદી ન થાય ૬૫
કોઇ સયોગોથી નહી, જેની ઉત્પત્તિ થાય
નાશ ન તેનો કોઇમા, તેથી નિત્ય સદાય ૬૬

નથી, અર્થાત્ ચેતનના ઉત્પત્તિ નય થાય છે, એવો કોઇને પણ અનુભવ થવાયોગ્ય છે નહી

દેહની ઉત્પત્તિ અને દેહના લયનુ જ્ઞાન જેના અનુભવમાં વર્ત્તે છે તે તે દેહથી જૂદો ન હોય તો કોઇ પણ પ્રકારે દેહની ઉત્પત્તિ અને લયનુ જ્ઞાન થાય નહિ અથવા જેની ઉત્પત્તિ અને લય જે જાણે છે તે તેથી જૂદો જ હોય, કેમકે તે ઉત્પત્તિલયરૂપ ન ઠર્યો પણ તેનો જાણનાર ઠર્યો માટે તે એની એકતા કેમ થાય ?

૬૪ જે જે સયોગો દેખીએ છીએ તે તે અનુભવ સ્વરૂપ એવા આત્માના દશ્ય એટલે તેને આત્મા જાણે છે અને તે સયોગનુ સ્વરૂપ વિચારતા એવો કોઇ પણ સયોગ સમજાતો નથી કે જેથી આત્મા ઉત્પન્ન થાય છે માટે આત્મા સયોગથી નહી ઉત્પન્ન થયેલો એવો છે અર્થાત્ અસયોગી છે, સ્વાભાવિક પદાર્થ છે, માટે તે પ્રત્યક્ષ 'નિત્ય' સમજાય છે

૬૫ જડથી ચેતન ઉપજે, અને ચેતનથી જડ ઉત્પન્ન થાય એવો કોઇને કયારે કદીપણ અનુભવ થાય નહી

૬૬ જેની ઉત્પત્તિ કોઇ પણ સયોગોથી થાય નહી, તેનો નાશ પણ કોઇને વિષે થાય નહી માટે આત્મા ત્રિકાળ 'નિત્ય' છે

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માય
પૂર્વજન્મસંસ્કાર તે જીવનિત્યતા ન્યાય ૬૭
આત્મા દ્રવ્યે નિત્ય છે પર્યાયે પલટાય,
બાળાદિ વય ત્રણ્યનુ, જ્ઞાન એકને થાય ૬૮

૬૭ ક્રોધાદિ પ્રકૃતિઓનુ વિશેષપણુ સર્પ વગેરે પ્રાણીમા જન્મથી જ જોવામા આવે છે, વર્તમાન દેહે તો તે અભ્યાસ કર્યો નથી જન્મની સાથે જ તે છે એટલે એ પૂર્વજન્મનો જ સંસ્કાર છે જે પૂર્વજન્મ જીવની નિત્યતા સિદ્ધ કરે છે

૬૮ આત્મા વસ્તુપણે નિત્ય છે સમયે સમયે જ્ઞાનાદિ પરિણામના પલટવાથી તેના પર્યાયનુ પલટવાપણુ છે (કઇ સમુદ્ર પલટાતો નથી, માત્ર મોજા પલટાય છે, તેની પેઠે) જેમ બાળ, યુવાન અને વૃદ્ધ એ ત્રણ અવસ્થા છે, તે આત્માને વિભાવથી પર્યાય છે અને બાળ અવસ્થા વર્તતા આત્મા બાળક જણાતો તે બાળ અવસ્થા છોડી જ્યારે યુવાવસ્થા ગ્રહણ કરી ત્યારે યુવાન જણાયો અને યુવાવસ્થા તજી વૃદ્ધાવસ્થા ગ્રહણ કરી ત્યારે વૃદ્ધ જણાયો એ ત્રણે અવસ્થાનો ભેદ થયો તે પર્યાયભેદ છે, પણ તે ત્રણે અવસ્થામા આત્મદ્રવ્યનો ભેદ થયો નથી અર્થાત્ અવસ્થાઓ બદલાઇ પણ આત્મા બદલાયો નથી આત્મા એ ત્રણે અવસ્થાને જાણે છે, અને તે ત્રણે અવસ્થાની તેને જ સ્મૃતિ છે ત્રણે અવસ્થામા આત્મા એક હોય તો એમ બને, પણ જો આત્મા ક્ષણે ક્ષણે બદલાતો હોય તો તેવો અનુભવ બને જ નહી

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર,
વદનારો તે ક્ષણિક નહિ કર અનુભવ નિર્ધાર ૬૯
ક્યારે કોઇ વસ્તુનો, કેવળ હોય ન નાશ,
ચેતન પામે નાશ તો, કેમા ભળે ? તપાસ ૭૦

---

૬૯ વળી અમુક પદાર્થ ક્ષણિક છે એમ જે જાણે છે, અને ક્ષણિકપણું કહે છે તે કહેનાર અર્થાત્ જાણનાર ક્ષણિક હોય નહી કેમકે પ્રથમ ક્ષણે અનુભવ થયો તેને બીજે ક્ષણે તે અનુભવ કહી શકાય, તે બીજે ક્ષણે પોતે ન હોય તો ક્યાથી કહે ? માટે એ અનુભવથી પણ આત્માના અક્ષણિકપણાનો નિશ્ચય કર

૭૦ વળી કોઈ પણ વસ્તુનો કોઇ પણ કાળે કેવળ તો નાશ થાય જ નહી, માત્ર અવસ્થાંતર થાય, માટે ચેતનનો પણ કેવળ નાશ થાય નહી અને અવસ્થાંતરરૂપ નાશ થતો હોય તો તે કેમા ભળે અથવા કેવા પ્રકારનું અવસ્થાંતર પામે તે તપાસ. અર્થાત્ ઘડાં પદાર્થ ફુટી જાય છે, એટલે લોકો એમ કહે છે કે ઘડો નાશ પામ્યો છે, કઇ માટીપણું નાશ પામ્યુ નથી તે છિન્નભિન્ન થઇ જઇ સૂક્ષ્મમા સૂક્ષ્મ ભૂકો થાય તોપણ પરમાણુ સમૂહરૂપે રહે, પણ કેવળ નાશ ન થાય અને તેમાનુ એક પરમાણુ પણ ઘટે નહી કેમકે અનુભવથી જોતા અવસ્થાંતર થઇ શકે પણ પદાર્થનો સમૂળગો નાશ થાય એમ ભાસી જ શકવા યોગ્ય નથી એટલે જો તુ ચેતનનો નાશ કહે, તોપણ કેવળ નાશ તો કહી જ શકાય નહી અવસ્થાંતરરૂપ નાશ કહેવાય જેમ ઘટ ફુટી જઇ ક્રમે કરી પરમાણુસમૂહરૂપે સ્થિતિમાં રહે તેમ ચેતનનો અવસ્થાંતરરૂપ

૩ શંકા—શિષ્ય ઉવાચ.

('આત્મા કર્મનો કર્તા નથી' એમ શિષ્ય કહે છે —)

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ,
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ ૭૧
આત્મા સદા અસંગ ને કરે પ્રકૃતિ બંધ,
અથવા ઈશ્વરપ્રેરણા, તેથી જીવ અબંધ ૭૨
માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય,
કર્મતણું કર્તાપણું, કાં નહીં કાં નહિ જાય ૭૩

નાશ તારે કહેવો હોય તો તે ઘા રચનામા રહે અથર ઘટના પરમાણુઓ જેમ પરમાણુસમૂહમા જણાય તેમ ચેતન કઈ વસ્તુમા જણાવાયોગ્ય ' તે તપાસ અર્થાત્ એ પ્રકારે તુ અનુભવ કરી જોઈશ તો કોઈમા નહી જગી શકવાયોગ્ય અથવા પરસ્વરૂપે અવસ્થાંતર નહી પામવાયોગ્ય એવુ ચેતન એટલે આત્મા તને ભાસ્યમાન થશે

૭૧ જીવ કર્મનો કર્તા નથી કર્મના કર્તા કર્મ છે, અથવા અનાયાસે તે થયા કરે છે એમ નહી, ને જીવ જ તેનો કર્તા છે એમ કહો તો પણ તે જીવનો ધર્મ જ છે, અર્થાત્ ધર્મ હોવાથી ક્યારે નિવૃત્ત ન થાય

૭૨ અથવા એમ નહી તો આત્મા સદા અસંગ છે, અને સત્વાદિ ગુણવાળી પ્રકૃતિ કર્મનો બંધ કરે છે તેમ નહી, તો જીવને કર્મ કરવાની પ્રેરણા ઈશ્વર કરે છે, તેથી ઈશ્વરેચ્છારૂપ હોવાથી જીવ તે કર્મથી ' અબંધ છે

૭૩ માટે જીવ કોઈ રીતે કર્મનો કર્તા થઈ શકતો

૩ સમાધાન —સદ્ગુરુ ઉવાચ

(કર્મનું કર્તાપણું આત્માને જે પ્રકારે છે તે પ્રકારે સદ્ગુરુ સમાધાન કરે છે —)

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડસ્વભાવ નહિ પ્રેરણા જુઓ વિચારી ધર્મ ૭૪
જો ચેતન કરતું નથી, નથી થતા તો કર્મ,
તેથી સહજ સ્વભાવ નહિ તેમજ નહિ જીવધર્મ ૭૫
કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી પણ નિજભાને તેમ ૭૬

નથી અને મોક્ષનો ઉપાય કરવાનો કોઇ હેતુ જણાતો નથી કાં જીવને કર્મનું કર્તાપણું નથી અને જો કર્તાપણું હોય તો કોઇ રીતે તે તેનો સ્વભાવ મટવાયોગ્ય નથી

૭૪ ચેતન એટલે આત્માની પ્રેરણારૂપ પ્રવૃત્તિ ન હોય, તો કર્મને કોણ ગ્રહણ કરે? જડનો સ્વભાવ પ્રેરણા નથી જડ અને ચેતન બેયના ધર્મ વિચારી જુઓ

૭૫ આત્મા જો કર્મ કરતો નથી, તો તે થતા નથી તેથી સહજ સ્વભાવે એટલે અનાયાસે તે થાય એમ કહેવું ઘટતું નથી, તેમજ તે જીવનો ધર્મ પણ નહી, કેમકે સ્વભાવનો નાશ થાય નહી અને આત્મા ન કરે તો કર્મ થાય નહિ, એટલે એ ભાવ ટળી શકે છે માટે તે આત્માનો સ્વાભાવિક ધર્મ નહી

૭૬ કેવળ જો અસંગ હોત, અર્થાત્ ક્યારે પણ તેને કર્મનું કરવાપણું ન હોત, તો તને પોતાને તે આત્મા પ્રથમથી

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ. ૭૭
ચેતન જો નિજભાનમાં, કર્તા આપસ્વભાવ,
વર્તે નહિ નિજભાનમાં, કર્તા કર્મ પ્રભાવ. ૭૮

૪ શંકા —શિષ્ય ઉવાચ

(તે કર્મનું ભોક્તાપણું જીવને નહીં હોય!

એમ શિષ્ય કહે છે —)

જીવ કર્મકર્તા કહો, પણ ભોક્તા નહીં સોય,
શું સમજે જડ કર્મ કે ફળપરિણામી હોય. ૭૯

કેમ ન આગળ? પરમાણુથી તે આત્મા અલગ છે પણ તે તો જ્યારે સ્વરૂપનું ભાન થાય ત્યારે થાય

૭૭ જગતનો અથવા જીવોના કર્મોનો ઈશ્વર કર્તા કોઈ નથી. શુદ્ધ આત્મસ્વભાવ જેનો થયો છે તે ઈશ્વર છે, અને તેને જો પ્રેરક એટલે કર્મકર્તા ગણીએ તો તેને દોષનો પ્રભાવ થયો ગણાવો જોઈએ માટે ઈશ્વરની પ્રેરણા જીવના કર્મ કરવામાં પણ કહેવાય નહીં

૭૮ આત્મા જો પોતાના શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવમાં વર્તે તો તે પોતાના તે જ સ્વભાવનો કર્તા છે અર્થાત્ તે જ સ્વરૂપમાં પરિણમિત છે, અને તે શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવના ભાનમાં વર્તતો ન હોય ત્યારે કર્મભાવનો કર્તા છે

૭૯ જીવને કર્મનો કર્તા કહીએ તોપણ તે કર્મનો ભોક્તા જીવ નહીં ઠરે કેમકે જડ એવાં કર્મ શું સમજે કે તે ફળ દેવામાં પરિણામી થાય? અર્થાત્ ફળદાતા થાય?

ફળદાતા ઈશ્વર ગણ્યે ભોક્તાપણું સધાય
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય ૮૦
ઈશ્વર સિદ્ધ થયા વિના જગતનિયમ નહિ હોય,
પછી શુભાશુભ કર્મના, ભોગ્યસ્થાન નહિ કોય ૮૧

૪ સમાધાન -સદ્ગુરુ ઉવાચ

(જીવને પોતાના કરેલા કર્મનું ભોક્તાપણું છે
એમ સદ્ગુરુ સમાધાન કરે છે —)

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ
જીવવીર્યની સ્ફુરણા ગ્રહણ કરે જડધૂપ ૮૨

૮૦ ફળદાતા ઈશ્વર ગણીએ તો ભોક્તાપણું સાધી શકીએ, અર્થાત્ જીવને ઈશ્વર કર્મ ભોગવાવે તેથી જીવ કર્મનો ભોક્તા સિદ્ધ થાય, પણ પરને ફળ દેવા આદિ પ્રવૃત્તિ વાળો ઈશ્વર ગણીએ તો તેનું ઈશ્વરપણું જ રહેતું નથી, એમ પણ પાછો વિરોધ આવે છે

૮૧ તેવો ફળદાતા ઈશ્વર સિદ્ધ થતો નથી એટલે જગત્નો નિયમ પણ કોઇ રહે નહી, અને શુભાશુભ કર્મ ભોગવવાનાં કોઇ સ્થાનક પણ ઠરે નહીં એટલે જીવને કર્મનું ભોક્તૃત્વ કયાં રહ્યુ ?

૮૨ ભાવકર્મ જીવને પોતાથી ભ્રાંતિ છે માટે તે ચેતનરૂપ છે, અને તે ભ્રાંતિને અનુયાયી થઈ જીવવીર્ય સ્ફુરાયમાન થાય છે તેથી જડ એવા દ્રવ્યકર્મની વર્ગણા તે ગ્રહણ કરે છે

આશંકા.-કર્મ જડ છે તો તે શું સમજે કે આ જીવને આ રીતમારે ફળ આપવું અથવા તે સ્વરૂપે પરિણમવું ? માટે જીવ

ઝેર સુધા સમજે નહીં જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ,
કારણવિના ન કાર્ય તે તેજ શુભાશુભ વેદ્ય ૮૪

કર્મનો ભોક્તા થવો સંભવતો નથી એ આશંકાનું સમાધાન — જીવ પોતાના સ્વરૂપના અજ્ઞાનથી કર્મનો કર્તા છે અજ્ઞાન તે ચેતનરૂપ છે અર્થાત્ જીવની પોતાની કલ્પના છે અને તે કલ્પનાને અનુસરીને તેના વીર્યસ્વભાવની સ્ફુર્તિ થાય છે અથવા તેનું સામર્થ્ય તદનુયાયીપણે પરિણમે છે અને તેથી જડની ધૂપ એટલે દ્રવ્ય કર્મરૂપ પુદ્ગલની વર્ગણાને તે ગ્રહણ કરે છે

૮૩ ઝેર અને અમૃત પોતે જાણતા નથી કે અમારે આ જીવને ફળ આપવું છે તોપણ જે જીવ ખાય છે તેને તે ફળ થાય છે એમ શુભાશુભ કર્મ આ જીવને આ ફળ આપવું છે એમ જાણતા નથી તોપણ ગ્રહણ કરનાર જીવ ઝેર અમૃતના પરિણામની રીતે ફળ પામે છે

ઝેર અને અમૃત પોતે એમ સમજતા નથી કે અમને ખાનારને મૃત્યુ દીર્ઘાયુતા થાય છે પણ સ્વભાવે તેને ગ્રહણ કરનાર પ્રત્યે જેમ તેનું પરિણમન થાય છે તેમ જીવમાં શુભાશુભ કર્મ પણ પરિણમે છે અને ફળસન્મુખ થાય છે એમ જીવને કર્મનું ભોક્તાપણું સમજાય છે

૮૪ એક રાંક છે, અને એક રાજા છે એ આદિ શબ્દથી નીચપણું, ઊંચપણું, કુરૂપપણું સુરૂપપણું એમ ઘણું વિચિત્રપણું છે અને એવો જે ભેદ રહે છે તે-સર્વને સમા

ફળદાતા ઈશ્વરતણી, એમા નથી જરૂર,
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર ૮૫
તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ ૮૬

નતા નથી–તે જ શુભાશુભ કર્મનુ ભોક્તાપણુ છે એમ સિદ્ધ કરે છે કેમકે કારણવિના કાર્યની ઉત્પત્તિ થતી નથી

તે શુભાશુભ કર્મનુ ફળ ન થતુ હોય તો એક રાક અને એક રાજા એ આદિ જે ભે છે, તે ન થવા જોઈએ કેમકે જીવપણુ સમાન છે તથા મનુષ્યપણુ સમાન છે તો સર્વને સુખ અથવા દુખ પણ સમાન જોઈએ જેને બ ને આવુ વિચિત્રપણુ જણાય છે, તેજ શુભાશુભ કર્મથી ઉત્પન થયેલો ભેદ છે, કેમકે કારણવિના કાર્યની ઉત્પત્તિ થતી નથી એમ શુભ અને અશુભ કર્મ ભોગવાય છે

૮૫ ફળદાતા ઈશ્વરની એમાં કંઇ જરૂર નથી ઝેર અને અમૃતની રીતે શુભાશુભ કર્મ સ્વભાવે પરિણમે છે અને નિ:સત્વ થયેથી ઝેર અને અમૃત ફળ દેતા જેમ નિવૃત્ત થાય છે, તેમ શુભાશુભ કર્મને ભોગવવાથી તે નિ:સત્વ થયે નિવૃત્ત થાય છે

ઝેર ઝેરપણે પરિણમે છે અને અમૃત અમૃતપણે પરિણમે છે તેમ અશુભ કર્મ અશુભપણે પરિણમે અને શુભ કર્મ શુભપણે પરિણમે છે માટે જીવ જેવા જેવા અધ્યવસાયથી કર્મને ગ્રહણ કરે છે, તેવા તેવા વિપાકરૂપે કર્મ પરિણમે છે અને જેમ ઝેર અને અમૃત પરિણમી રહ્યે નિ:સત્ત્વ થાય છે તેમ ભોગથી તે કર્મ દૂર થાય છે ૮૩

૮૬ ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ શુભ ગતિ છે, અને ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ અશુભ ગતિ છે

૫ શંકા —શિષ્ય ઉવાચ

(જીવનો તે કર્મથી મોક્ષ નથી એમ શિષ્ય કહે છે -)

કર્તા ભોક્તા જીવ હો પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ વર્તમાન છે દોષ ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય
અશુભ કરે નર્કાદિ ફળ, કર્મરહિત ન ક્યાંય ૮૮

૫ સમાધાન —સદ્ગુરુ ઉવાચ

(તે કર્મથી જીવનો મોક્ષ થઇ શકે છે એમ સદ્ગુરુ સમાધાન કરે છે-)

શુભાશુભ અધ્યવસાય મિશ્રગતિ છે અને તે જીવપરિણામ તે જ મુખ્યપણે તો ગતિ છે તથાપિ ઉત્કૃષ્ટ શુભ દ્રવ્યનુ ઊર્ધ્વ ગમન, ઉત્કૃષ્ટ અશુભ દ્રવ્યનુ અધોગમન શુભાશુભની મધ્ય સ્થિતિ, એમ દ્રવ્યનો વિશેષ સ્વભાવ છે અને તે આદિ હેતુથી તે તે ભોગ્યસ્થાનક હોવા યોગ્ય છે હે શિષ્ય ! જડ ચેતનના સ્વભાવ સંયોગાદિ સૂક્ષ્મસ્વરૂપનો અત્રે ઘણો વિચાર સમાય છે માટે આ વાત ગહન છે, તોપણ તેને સાવ સંક્ષેપમાં કહી છે

૮૭ કર્તા ભોક્તા જીવ હો, પણ તેથી તેનો મોક્ષ થવા યોગ્ય નથી કેમકે અનંત કાળ થયો તોપણ કર્મ કરવારૂપી દોષ હજુ તેને વિષે વર્તમાન જ છે

૮૮ શુભ કર્મ કરે તો તેથી દેવાદિ ગતિમા તેનુ શુભ ફળ ભોગવે અને અશુભ કર્મ કરે તો નરકાદિ ગતિને વિષે તેનુ અશુભ ફળ ભોગવે પણ જીવ કર્મરહિત કોઇ સ્થળે હોય નહીં

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યા સફળ પ્રમાણ,
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ
તેહ શુભાશુભ છેદતા ઉપજે મોક્ષસ્વભાવ ૯૦

દેહાદિક સંયોગનો આત્યંતિક વિયોગ,
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ ૯૧

૬ શંકા –શિષ્ય ઉવાચ

(મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છે –)

૮૯ જેમ શુભાશુભ કર્મ, તે જીવના કરવાથી તે થતા જાણ્યા, અને તેથી તેનું ભોક્તાપણું જાણ્યું, તેમ નહીં કરવાથી અથવા તે કર્મનિવૃત્તિ કરવાથી તે નિવૃત્તિ પણ થવા યોગ્ય છે માટે તે નિવૃત્તિનું પણ સફળપણું છે અર્થાત્ જેમ તે શુભાશુભ કર્મ અફળ જતા નથી તેમ તેની નિવૃત્તિ પણ અફળ જવાયોગ્ય નથી માટે તે નિવૃત્તિરૂપ મોક્ષ છે એમ હે વિચક્ષણ ! તું વિચાર

૯૦ કર્મસહિત અનંતકાળ વીત્યો તે તે શુભાશુભ કર્મ પ્રત્યેની જીવની આસક્તિને લીધે વીત્યો, પણ તેના પર ઉદાસીન થવાથી તે કર્મફળ છેદાય, અને તેથી મોક્ષસ્વભાવ પ્રગટ થાય

૯૧ દેહાદિ સંયોગનો અનુક્રમે વિયોગ તો થયા કરે છે પણ તે પાછો ગ્રહણ ન થાય તે રીતે વિયોગ કરવામાં આવે તો સિદ્ધસ્વરૂપ મોક્ષસ્વભાવ પ્રગટે અને શાશ્વતપદે અનંત આત્માનંદ ભોગવાય

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય
કર્મો કાળ અનંતના, શાથી છેદ્યા જાય? ૯૨
અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક
તેમાં મત સાચો કયો? બને ન એહ વિવેક ૯૩
કયી જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ,
એનો નિશ્ચય ના બને ઘણા ભેદ એ દોષ ૯૪
તેથી એમ જણાય છે મળે ન મોક્ષ-ઉપાય,
જીવાદિ જાણ્યાતણો શો ઉપકાર જ થાય? ૯૫

૯૨ મોક્ષપદ કદાપિ હોય તોપણ તે પ્રાપ્ત થવાનો કોઈ અવિરોધ એટલે યથાતથ્ય પ્રતીત થાય એવો ઉપાય જણાતો નથી કેમકે અનંત કાળનાં કર્મો છે તે આવા અલ્પાયુષ્યવાળા મનુષ્યદેહથી કેમ છેદ્યાં જાય?

૯૩ અથવા કદાપિ મનુષ્યદેહના અલ્પાયુષ્ય વગેરેની શંકા છોડી દઈએ તોપણ મત અને દર્શન ઘણાં છે અને તે મોક્ષના અનેક ઉપાયો કહે છે અર્થાત્ કોઈ કંઈ કહે છે અને કોઈ કંઈ કહે છે તેમાં કયો મત સાચો એ વિવેક બની શકે એવો નથી

૯૪ બ્રાહ્મણાદિ કઈ જાતિમાં મોક્ષ છે, અથવા કયા વેષમાં મોક્ષ છે એનો નિશ્ચય પણ ન બની શકે એવો છે કેમકે તેવા ઘણા ભેદો છે અને એ દોષે પણ મોક્ષનો ઉપાય પ્રાપ્ત થવાયોગ્ય દેખાતો નથી

૯૫ તેથી એમ જણાય છે કે મોક્ષનો ઉપાય પ્રાપ્ત થઈ શકે એવું નથી માટે જીવાદિનું સ્વરૂપ જાણવાથી પણ શો ઉપકાર થાય? અર્થાત્ જે પદને અર્થે જાણવાં જોઈએ તે પદનો ઉપાય પ્રાપ્ત થવો અશક્ય દેખાય છે

પાંચે ઉત્તરથી થયું સમાધાન સર્વાંગ,
સમજું મોક્ષ-ઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય ૯૬

૬ સમાધાન - સદ્‌ગુરુ ઉવાચ

(મોક્ષનો ઉપાય છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે —)

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત
થાશે મોક્ષોપાયની સહજ પ્રતીત એ રીત ૯૭
કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ,
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ ૯૮

---

૯૬ આપે પાંચે ઉત્તર કહ્યા તેથી સર્વાંગ એટલે બધી રીતે મારી શંકાનું સમાધાન થયું છે પણ જો મોક્ષનો ઉપાય સમજું તો સદ્‌ભાગ્યનો ઉદય ઉદય થાય (અત્ર 'ઉદય' ઉદય બે વાર શબ્દ છે તે પાંચ ઉત્તરના સમાધાનથી થયેલી મોક્ષપદની જિજ્ઞાસાનું તીવ્રપણું દર્શાવે છે)

૯૭ પાંચે ઉત્તરની તારા આત્માને વિષે પ્રતીતિ થઈ છે, તો મોક્ષના ઉપાયની પણ એ જ રીતે તને સહજમાં પ્રતીતિ થશે [અત્રે થશે અને 'સહજ' એ બે શબ્દ સદ્‌ગુરુએ કહ્યા છે તે જેને પાંચ પદની શંકા નિવૃત્ત થઈ છે તેને મોક્ષોપાય સમજાવો કંઈ કઠણ જ નથી એમ દર્શાવવા તથા શિષ્યનું વિશેષ જિજ્ઞાસુપણું જાણી અવશ્ય તેને મોક્ષોપાય પરિણમશે એમ ભાસવાથી (તે વચન) કહ્યાં છે, એમ સદ્‌ગુરુના વચનનો આશય છે]

૯૮ કર્મભાવ છે તે જીવનું અજ્ઞાન છે અને મોક્ષભાવ છે તે જીવના પોતાના સ્વરૂપને વિષે સ્થિતિ થવી તે છે

જે જે કારણ બંધના તેહ બંધનો પંથ
તે કારણ છેદક દશા મોક્ષ-પંથ ભવઅંત ૯૯
રાગ દ્વેષ અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રંથ,
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ ૧૦૦
આત્મા સત ચૈતન્યમય સર્વાભાસરહિત
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત ૧૦૧
કર્મ અનંત પ્રકારના તેમાં મુખ્યે આઠ
તેમાં મુખ્યે મોહિનીય, હણાય તે કહુ પાઠ ૧૦૨

અજ્ઞાનનો સ્વભાવ અંધકાર જેવો છે તેથી જેમ પ્રકાશ થતાં ઘણા કાળનો અંધકાર છતાં નાશ પામે છે તેમ જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાન પણ નાશ પામે છે

૯૯ જે જે કારણો કર્મબંધના છે તે તે કર્મબંધનો માર્ગ છે અને તે તે કારણોને છેદે એવી જે દશા છે તે મોક્ષનો માર્ગ છે ભવનો અંત છે

૧૦૦ રાગ દ્વેષ અને અજ્ઞાન એનું એકત્વ એ કર્મની મુખ્ય ગાંઠ છે અર્થાત્ એ વિના કર્મનો બંધ ન થાય, તેની જેથી નિવૃત્તિ થાય તે જ મોક્ષનો માર્ગ છે

૧૦૧ સત્ એટલે અવિનાશી અને ચૈતન્યમય એટલે સર્વ ભાવને પ્રકાશવારૂપ સ્વભાવમય અન્ય સર્વ વિભાવ અને દેહાદિ સંયોગના આભાસથી રહિત એવો કેવળ એવો શુદ્ધ આત્મા પામિયે તેમ પ્રવર્તાય તે મોક્ષમાર્ગ છે

૧૦૨ કર્મ અનંત પ્રકારના છે પણ તેના મુખ્ય જ્ઞાનાવરણાદિ આઠ પ્રકાર થાય છે તેમાં પણ મુખ્ય મોહનીયકર્મ છે તે મોહનીયકર્મ હણાય તેનો પાઠ કહું છું

કર્મ મોહિનીય ભેદ બે ¹દર્શન ²ચારિત્ર નામ
હણે બોધ વીતરાગતા અચૂક ઉપાય આમ ૧૦૩
કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ? ૧૦૪

૧૦૩ તે મોહનીય કર્મ બે ભેદે છે –એક 'દર્શનમોહનીય' એટલે 'પરમાર્થને વિષે અપરમાર્થબુદ્ધિ અને અપરમાર્થને વિષે પરમાર્થ બુદ્ધિરૂપ' બીજુ ચારિત્રમોહનીય 'તથારૂપ પરમાર્થને પરમાર્થ જાણીને આત્મસ્વભાવમાં જે સ્થિરતા થાય, તે સ્થિરતાને રોધક એવા પૂર્વસંસ્કારરૂપ કષાય અને નોકષાય તે ચારિત્રમોહનીય.

દર્શનમોહનીયને આત્મબોધ અને ચારિત્રમોહનીયને વીતરાગપણું નાશ કરે છે આમ તેના અચૂક ઉપાય છે કેમકે મિથ્યાબોધ તે દર્શનમોહનીય છે તેનો પ્રતિપક્ષ સત્યાત્મબોધ છે અને ચારિત્રમોહનીય રાગાદિ પરિણામરૂપ છે તેનો પ્રતિપક્ષ વીતરાગભાવ છે એટલે અંધકાર જેમ પ્રકાશ થવાથી નાશ પામે છે–તે તેનો અચૂક ઉપાય છે–તેમ બોધ અને વીતરાગતા અનુક્રમે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ અંધકાર ટાળવામાં પ્રકાશસ્વરૂપ છે, માટે તે તેના અચૂક ઉપાય* છે

૧૦૪ ક્રોધાદિ ભાવથી કર્મબંધ થાય છે, અને ક્ષમાદિક ભાવથી તે હણાય છે અર્થાત્ ક્ષમા રાખવાથી ક્રોધ રોકી શકાય છે, સરળતાથી માયા રોકી શકાય છે, સંતોષથી લોભ

* દર્શનમોહનો અનુભાગ ઘટવાથી સ્વરૂપાવલોકન દૃષ્ટિ પરિણમે છે
સદ્ગુરુઓનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગ શ્રુત ચિંતવન અને ગુણજિજ્ઞાસા, દર્શનમોહનો અનુભાગ ઘટવાના મુખ્ય હેતુ છે તેથી સ્વરૂપદૃષ્ટિ સહજમાં પરિણમે છે

છોડી મત દર્શનતણો આગ્રહ તેમ વિકલ્પ,
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ ૧૦૫
ષટ્પદના ષટ્પ્રશ્ન તે, પૂછ્યા કરી વિચાર,
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિરધાર ૧૦૬

રોકી શકાય છે એમ રતિ–અરતિ આદિના પ્રતિપક્ષથી તે તે દોષો રોકી શકાય છે તે જ કર્મબંધનો નિરોધ છે અને તે જ તેની નિવૃત્તિ છે વળી સર્વને આ વાતનો પ્રત્યક્ષ અનુભવ છે, અથવા સર્વને પ્રત્યક્ષ અનુભવ થઇ શકે એવું છે ક્રોધાદિ રોક્યાં રોકાય છે, અને જે કર્મબંધને રોકે છે, તે અકર્મદશાનો માર્ગ છે એ માર્ગ પરલોક નહીં, પણ અત્રે અનુભવમા આવે છે, તો એમા સંદેહ શો કરવો ?

૧૦૫ આ મારો મત છે, માટે મારે વળગી જ રહેવું અથવા આ મારુ દર્શન છે માટે ગમે તેમ મારે તે સિદ્ધ કરવું એવો આગ્રહ અથવા એવા વિકલ્પને છોડીને આ જે માર્ગ કહ્યો છે તે સાધશે તેના અલ્પ જન્મ જાણવા

(અહીં જન્મ શબ્દ બહુવચનમા વાપર્યો છે તે એટલું જ દર્શાવવાને કે કવચિત્ તે સાધન અધૂરાં રહ્યાં તેથી અથવા જઘન્ય કે મધ્યમ પરિણામની ધારાથી આરાધન થયાં હોય, તેથી સર્વ કર્મ ક્ષય થઇ ન શકવાથી બીજો જન્મ થવાનો સંભવ છે પણ તે બહુ નહીં, બહુ જ અલ્પ 'સમકિત આવ્યા પછી જો વમે નહીં, તો ઘણામા ઘણા પંદર ભવ થાય, એમ જિને કહ્યુ છે અને ' જે ઉત્કૃષ્ટપણે આરાધે તેનો તે ભવે પણ મોક્ષ થાય " અત્રે તે વાતનો વિરોધ નથી)

૧૦૬ હે શિષ્ય ! તે ૭ પદનાં ૭ પ્રશ્નો વિચાર કરીને

જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માગ જો હોય
સાધે તે મુક્તિ લહે એમા ભેદ ન કોય ૧૦૭
કષાયની ઉપશાતતા, માત્ર મોક્ષ અભિલાષ
ભવે ખેદ અતર્ દયા, ત કહિયે જિજ્ઞાસ ૧૦૮
તે જિજ્ઞાસુ જીવને થાય સદ્ગુરુબોધ,
તો પામે સમકીતને, વર્ત્તે અતરશોધ ૧૦૯
મત દર્શન આગ્રહ તજી વર્ત્તે સદ્ગુરુ લક્ષ,
લહે શુદ્ધ સમકિત તે, જેમા ભેદ ન પક્ષ ૧૧૦

પૂજ્યા છે અને તે ૫ ની સર્વાગતામા મોક્ષમાર્ગ છે એમ નિશ્ચય કર અર્થાત્ એમાનુ કોઇ પણ ૫ એકાતે કે અવિચારથી ઉત્થાપતા મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી

૧૦૭ જે મોક્ષનો માગ કહ્યો તે હોય તો ગમે તે જાતિ કે વેષથી મોક્ષ થાય એમા કઇ ભે નથી જે સાધે તે મુક્તપ૰ પામે અને તે મોક્ષમા પણ બીજા કશા પ્રકારનો ઉચનીચતાદિ ભે૰ નથી અથવા આ વચન કહ્યા તેમા બીજો કઇ ભેદ એટલે ફેર નથી

૧૦૮ ક્રોધાદિ કષાય જેના પાતળા પડ્યા છે, માત્ર આત્માને વિષે મોક્ષ થવા સિવાય બીજી કોઇ ઇચ્છા નથી, અને સસારના ભોગપ્રતે ઉદાસીનતા વર્ત્તે છે, તેમ જ પ્રાણીપર અતરથી દયા વર્ત્તે છે તે જીવને મોક્ષમાર્ગનો જિજ્ઞાસુ કહીએ અર્થાત્ તે માર્ગ પામવાયોગ્ય કહીએ

૧૦૯ તે જિજ્ઞાસુ જીવને જો સદ્ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તે સમકિતને પામે અને અતરની શોધમાં વર્ત્તે

૧૧૦ મત અને દર્શનનો આગ્રહ છોડી દઇ જે સદ્ગુરુને લક્ષે વર્ત્તે, તે શુદ્ધ સમકિતને પામે કે જેમા ભેદ તથા પક્ષ નથી

વર્તે નિજસ્વભાવનો અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત ૧૧૧
વર્ધમાન સમકિત થઇ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો વીતરાગપદ વાસ ૧૧૨
કેવળ નિજસ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન,
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ ૧૧૩
કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય ૧૧૪
છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,
નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ ૧૧૫

---

૧૧૧ આતમસ્વભાવનો જ્યાં અનુભવ, લક્ષ અને પ્રતીત વર્તે છે તથા વૃત્તિ આત્માના સ્વભાવમાં વહે છે ત્યાં પરમાર્થે સમકિત છે

૧૧૨ તે સમકિત વધતી જતી ધારાથી હાસ્ય શોકાદિ જે કંઇ આત્માને વિષે મિથ્યાભાસ ભાસ્યા છે તેને ટાળે અને સ્વભાવ સમાધિરૂપ ચારિત્રનો ઉદય થાય જેથી સર્વ રાગદ્વેષના ક્ષયરૂપ વીતરાગપદમાં સ્થિતિ થાય

૧૧૩ સર્વ આભાસરહિત આત્મસ્વભાવનું જ્યાં અખંડ એટલે ક્યારે પણ ખંડિત ન થાય, મંદ ન થાય, નાશ ન પામે એવું જ્ઞાન વર્તે તેને કેવળજ્ઞાન કહીએ છીએ જે કેવળજ્ઞાન પામ્યાથી ઉત્કૃષ્ટ જીવન્મુક્ત દશારૂપ નિર્વાણ દેહ છતાં જ અત્રે અનુભવાય છે

૧૧૪ કરોડો વર્ષનું સ્વપ્ન હોય તોપણ જાગ્રત થતાં તરત તે શમાય છે તેમ અનાદિનો વિભાવ છે તે આત્મજ્ઞાન થતાં દૂર થાય છે

૧૧૫ હે શિષ્ય! દેહમાં જે આત્મતા મનાઈ છે અને તેને લીધે સ્ત્રી-પુત્રાદિ સર્વમાં અહંમમત્વપણું વર્તે છે તે આત્મતા જો આત્મામાં જ મનાય, અને તે દેહાધ્યાસ એટલે દેહમાં

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધસ્વરૂપ ૧૧૬
શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ ૧૧૭
નિશ્ચય સર્વે જ્ઞાનીનો આવી અત્ર શમાય,
ધરી મૌનતા એમ કહી સહજસમાધિમાંય ૧૧૮

આત્મબુદ્ધિ તથા આત્મામાં દેહબુદ્ધિ છે તે છૂટે, તો તું કર્મનો કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી અને એ જ ધર્મનો મર્મ છે

૧૧૬ એ જ ધર્મથી મોક્ષ છે, અને તું જ મોક્ષસ્વરૂપ છો અર્થાત્ શુદ્ધ આત્મપદ એ જ મોક્ષ છે તું અનંત જ્ઞાન-દર્શન તથા અવ્યાબાધ સુખસ્વરૂપ છો

૧૧૭ તું દેહાદિક સર્વ પદાર્થથી જૂદો છે, કોઈમાં આત્મદ્રવ્ય ભળતું નથી કોઈ તેમાં ભળતું નથી દ્રવ્યે દ્રવ્ય પરમાર્થથી* સદાય ભિન્ન છે માટે તું શુદ્ધ છો, બોધસ્વરૂપ છો, ચૈતન્યપ્રદેશાત્મક છો, સ્વયંજ્યોતિ છો એટલે કોઇ પણ તને પ્રકાશતું નથી સ્વભાવે જ તું પ્રકાશસ્વરૂપ છો, અને અવ્યાબાધ સુખનું ધામ છો બીજું કેટલું કહીએ ? અથવા ઘણું શું કહેવું ? ટૂંકામાં એટલું જ કહીએ છીએ જો વિચાર કરતો તે પદને પામીશ

૧૧૮ સર્વે જ્ઞાનીઓનો નિશ્ચય અત્રે આવીને શમાય છે એમ કહીને સદ્ગુરુ મૌનતા ધરીને સહજસમાધિમાં સ્થિત

* દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી, એમ જાણનારને કંઇ કર્તવ્ય કહી શકાય નહીં, પણ તે ક્યારે ? સ્વદ્રવ્ય દ્રવ્ય, ક્ષેત્ર કાળ, ભાવે યથાવસ્થિત સમજાયે, સ્વદ્રવ્ય સ્વરૂપ પરિણામે પરિણમી અન્ય દ્રવ્ય પ્રત્યે કેવળ ઉદાસ થઇ કૃતકૃત્ય થયે કંઇ કર્તવ્ય રહેતું નથી એમ ઘટે છે, અને એમ જ છે

શિષ્યબોધબીજપ્રાપ્તિકથન

સદ્‌ગુરુના ઉપદેશથી આવ્યું અપૂર્વ ભાન
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯
ભાસ્યું નિજસ્વરૂપ તે શુદ્ધ ચેતનારૂપ
અજર, અમર અવિનાશી ને દેહાતીત સ્વરૂપ ૧૨૦
કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય,
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય ૧૨૧
અથવા નિજપરિણામ જે શુદ્ધ ચેતનારૂપ
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પસ્વરૂપ. ૧૨૨
મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ ૧૨૩

થયા અર્થાત્ વાણીયોગની અપ્રવૃત્તિ કરી

૧૧૯ શિષ્યને સદ્‌ગુરુના ઉપદેશથી અપૂર્વ એટલે પૂર્વે કોઈ દિવસ નહીં આવેલું એવું ભાન આવ્યું અને તેને પોતાનું સ્વરૂપ પોતાને વિષે યથાતથ્ય ભાસ્યું અને દેહાત્મબુદ્ધિરૂપ અજ્ઞાન દૂર થયું

૧૨૦ પોતાનું સ્વરૂપ-શુદ્ધ ચૈતન્યસ્વરૂપ-અજર, અમર, અવિનાશી અને દેહથી સ્પષ્ટ જૂદું ભાસ્યું

૧૨૧ જ્યાં વિભાવ એટલે મિથ્યાત્વ વર્તે છે ત્યાં મુખ્ય નયથી કર્મનું કર્તાપણું અને ભોક્તાપણું છે આત્મસ્વભાવમાં વૃત્તિ વહી તેથી અકર્તા થયો

૧૨૨ અથવા આત્મપરિણામ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, તેનો નિર્વિકલ્પસ્વરૂપે કર્તા ભોક્તા થયો

૧૨૩ આત્માનું શુદ્ધપદ છે તે મોક્ષ છે અને જેથી તે પમાય તે તેનો માર્ગ છે શ્રીસદ્‌ગુરુએ કૃપા કરીને નિર્ગ્રંથનો સર્વ માર્ગ સમજાવ્યો

* સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એકતા તે મોક્ષ માર્ગ છે

શુદ્ધઆત્મસ્વરૂપ એવા વીતરાગપદમાં સ્થિતિ થવી તે એ ત્રણની એકતા છે

વવાણીઆ કાર્તિક ૧૯૫૩

પરમપદ પંથ અથવા વીતરાગદર્શન

(ગીતિ)

પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણ પરમ વીતરાગે,
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે
મૂળ પરમપદ કારણ, સમ્યગ્દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ,
પ્રણમે એક સ્વભાવે શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણ
જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીંદ્ર સર્વજ્ઞે,
તેવી અંતર્ આસ્થા પ્રગટે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે
સમ્યક્ પ્રમાણપૂર્વક તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે
સમ્યગ્જ્ઞાન કહ્યું તે, સંશય વિભ્રમ, મોહ ત્યાં નાશે
વિષયારંભનિવૃત્તિ, રાગદ્વેષનો અભાવ જ્યાં થાય,
સહિત સમ્યગ્દર્શન શુદ્ધાચરણ ત્યાં સમાધિ સદુપાય
ત્રણે અભિન્ન સ્વભાવે પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય
પૂર્ણ પરમપદ પ્રાપ્તિ નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય
જીવ અજીવ પદાર્થો, પુણ્ય પાપ, આશ્રવ તથા બંધ,
સંવર નિર્જરા મોક્ષ તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ
જીવ અજીવ વિષે તે નવે તત્ત્વનો સમાવેશ થાય
પરંતુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન મુનિરાય

રાજકોટ ચૈત્ર સુદ ૯ ૧૯૫૭

અંતિમ સંદેશ

પરમાર્થ માર્ગ અથવા શુદ્ધ આત્મપદ પ્રકાશ

ૐ શ્રી જિન પરમાત્મને નમ

૧ ઇચ્છે છે જે જોગી જન અનંત સુખસ્વરૂપ,
મૂળ શુદ્ધ તે આત્મપદ સયોગી જિનસ્વરૂપ ૧
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર ૨
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કંઇ,
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઇ ૩
જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન,
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ ૪
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહીત,
મુનિજન સંગતિ રતિ અતિ સંયમ યોગ ઘટીત ૫
ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ,
પ્રાપ્ત શ્રી સદ્‌ગુરુવડે, જિન દર્શન અનુયોગ ૬
પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઉલટી આવે એમ,
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭
વિષય વિકાર સહીત જે રહ્યા મતિના યોગ,
પરિણામની વિષમતા તેને યોગ અયોગ ૮
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર ૯
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહીં આત્મથી મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦
નહીં તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહીં ક્ષોભ,
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

૨ આવ્યે બહુ સમદેશમા છાયા જાય સમાઇ,
આવ્યે તેમ સ્વભાવમા મન સ્વરૂપ પણ જાઇ ૧
ઉપજે મોહવિકલ્પથી સમસ્ત આ સસાર
અંતર્મુખ અવલોકતા, વિલય થતા નહી વાર ૨

૩ સુખધામ અનત સુસત ચહિ,
દિન રાત્ર રહે ત ધ્યાનમહિ
પરશાંત અનત સુધામય જે,
પ્રણમુ પદ તે વર તે જય તે ૧

" પૂર્વે ઘણા શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારના ફળમા સત્પુરુષને વિષે જેના વચનથી ભક્તિ ઉત્પન્ન થઇ છે તે તીર્થંકરના વચનને નમસ્કાર "

" દ્રવ્યાનુયોગ કરણાનુયોગ ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગના મહાનિધિ એવા વીતરાગ પ્રવચનને નમસ્કાર'

વિ સ ૧૯૪૧

જિનેશ્વરની વાણી.

(મનહર ૯૬)

અનત અનત ભાવ ભેદથી ભરેલી ભલી
અનત અનત નય નિક્ષેપે વ્યાખ્યાની છે,
સકળ જગત હિતકારિણી હારિણી મોહ
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે,
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઇ મે માની છે
અહો ! રાજચદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે

ઇતિશુભં

પરિશિષ્ટ

ૐ

શ્રીસદ્ગુરુચરણાય નમઃ

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રીસદ્ગુરુ ભગવંત ૧

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી વર્તમાન કાળમાં થતી નથી અને ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી એમ સર્વ જ્ઞાની પુરુષોને ભાસ્યું છે માટે તે આત્મજ્ઞાન માટે જીવને પ્રયોજનરૂપ છે તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારના મતમતાંતરનો કુળધર્મનો લોકસંજ્ઞારૂપ ધર્મનો ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે

એવી મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષે જીવે એ જ કરવી યોગ્ય છે કે સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી. અને તે સત્સંગમાં નિરંતર સમય સમય નિવાસ ઇચ્છવો. અસત્સંગનું ક્ષણે ક્ષણે વિપરિણામ વિચારવું એ શ્રેયરૂપ છે બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમા આણવા જેવી છે

કોઈ ક્રિયા-જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમા કોઈ,
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ ૩

વિશેષાર્થ — એકાંત ક્રિયા કરવી તેથી જ કલ્યાણ થશે.' એવુ માનનારાઓ સાવ વ્યવહારમાં કલ્યાણ માની કદાગ્રહ મૂકતા નથી આવા જીવોને 'ક્રિયાવાદી અથવા ક્રિયા-જડ' ગણવા ક્રિયા-જડને આત્માનો લક્ષ હોય નહીં

અમને આત્મજ્ઞાન છે આત્માને ભ્રાન્તિ હોય જ નહિ આત્મા કર્તાય નથી ને ભોક્તાય નથી માટે કાંઈ નથી ' આવુ બોલનારાઓ શુષ્ક-અધ્યાત્મી ' પોલા જ્ઞાની થઈ બેસી અનાચાર સેવતા અટકે નહીં.

આ પ્રકારના જીવો હાલમા જોવામા આવે છે જીવે જે કાંઇ કરવાનું છે તે આત્માના ઉદ્ધાર અર્થે કરવાનું છે તે વાત તેઓ ભૂલી ગયા છે આ જોઈને દયા આવે છે

બાહ્ય ક્રિયામા રાચતા, અતર્ભેદ ન કાંઈ,
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ ૪

જિનાગમમા આ કાળને દુસમ' એવી સંજ્ઞા

કહી છે તે પ્રત્યક્ષ દેખાય છે, કેમકે દુસમ શબ્દનો અર્થ દુખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય એવો થાય છે તે દુખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય તો એવો એક પરમાર્થમાર્ગ મુખ્યપણે કહી શકાય અને તેની સ્થિતિ પ્રત્યક્ષ જોવામા આવે છે જોકે પરમાર્થ માર્ગનુ દુર્લભપણુ તો સર્વ કાળને વિષે છે, પણ આવા કાળનેવિષે તો વિશેષ કરીને કાળ પણ દુર્લભપણાના કારણરૂપ છે

એમ કહેવાનો હેતુ એવો છે કે ઘણુ કરી આ ક્ષેત્રે વર્તમાન કાળમા પૂર્વે જેણે પરમાર્થ માર્ગ આરાધ્યો છે, તે દેહ ધારણ ન કરે અને તે સત્ય છે, કેમકે જો તેવા જીવોનો સમૂહ દેહધારીપણે આ ક્ષેત્રે વર્તતો હોત તો તેમને તથા તેમના સમાગમમા આવનારા એવા ઘણા જીવોને પરમાર્થ માર્ગની પ્રાપ્તિ સુખે કરીને થઈ શકતી હોત, અને તેથી આ કાળને દુસમ કહેવાનુ કારણ રહેત નહીં આ રીતે પૂર્વારાધક જીવોનુ અલ્પપણુ એ આદિ છતાં પણ વર્તમાનકાળને વિષે જો કોઈ પણ જીવ પરમાર્થ માર્ગ આરાધવા ઇચ્છે તો અવશ્ય આરાધી શકે, કેમ દુખે કરીને પણ આ કાળને વિષે પરમાર્થ માર્ગ પ્રાપ્ત થાય એમ પૂર્વ જ્ઞાનીઓનુ કથન છે

સર્વ જીવને વર્તમાનકાળમા માર્ગ દુખે કરીને જ પ્રાપ્ત થાય એવો એકાંત અભિપ્રાય વિચારવાયોગ્ય નથી ઘણુ કરીને તેમ બને એવો અભિપ્રાય સમજવા યોગ્ય છે તેનાં ઘણા કારણો પ્રત્યક્ષ દેખાય છે

૧ પ્રથમ કારણ ઉપર દર્શાવ્યું તે કે પૂર્વે ઘણુ-
કરીને આરાધકપણું નહીં તે

૨ બીજુ કારણ તેવું આરાધકપણું નહીં તેને લીધે
વર્તમાન દેહે તે આરાધકમાર્ગની રીતિ પણ
પ્રથમ સમજવામાં ન હોય તેથી અનારાધક
માર્ગને આરાધકમાર્ગ માની લઈ જીવે પ્રવૃત્તિ
કરી હોય છે

૩ ત્રીજુ કારણ ઘણું કરીને ક્યાંક સત્સમાગમ અથવા
સદ્‌ગુરુનો યોગ બને અને તે પણ ક્વચિત્ બને

૪ ચોથું કારણ અસત્સંગ આદિ કારણોથી જીવને
સદ્‌ગુર્વાદિનું ઓળખાણ થવું પણ દુષ્કર વર્તે
છે અને ઘણું કરીને અસદ્‌ગુર્વાદિને વિષે સત્ય
પ્રતીતિ માની ત્યાં જ રોકાઈ રહે છે

૫ પાંચમું કારણ ક્વચિત્ સત્સમાગમનો યોગ બને
તોપણ બળ વીર્યાદિનું એવું શિથિલપણું કે જીવ
તથારૂપ માર્ગ ગ્રહણ ન કરી શકે અથવા ન સમજી
શકે અથવા અસત્સમાગમાદિ કે પોતાની કલ્પ
નાથી મિથ્યાને વિષે સત્યપણે પ્રતીતિ કરી હોય.

ઘણું કરીને વર્તમાનમાં કાં તો શુષ્કક્રિયાપ્રધાનપણામાં જીવે મોક્ષમાર્ગ કલ્પ્યો છે અથવા બાહ્યક્રિયા અને શુદ્ધ વ્યવહારક્રિયાને ઉત્થાપવામાં મોક્ષમાર્ગ કલ્પ્યો છે અથવા સ્વમતિકલ્પનાએ અધ્યાત્મ ગ્રંથો વાંચી કથન માત્ર અધ્યાત્મ પામી મોક્ષમાર્ગ કલ્પ્યો છે, એમ કલ્પવાથી.

જીવને સત્સમાગમાદિ હેતુમા તો તે માન્યતાનો આગ્રહ આડો આવી પરમાર્થ પામવામાં સ્થભભૂત થાય છે

જે જીવો શુષ્કક્રિયાપ્રધાનપણામા મોક્ષમાર્ગ કલ્પે છે તે જીવોને તથારૂપ ઉપદેશનુ પોષણ પણ ગ્રહ્યા કરે છે જ્ઞાન દર્શન, ચારિત્ર અને તપ એમ મોક્ષમાર્ગ ચાર પ્રકારે કહ્યો છતા પ્રથમનાં બે પ તો તેમણે વિસાર્યા જેવુ હોય છે, અને ચારિત્ર શબ્દનો અર્થ વેષ તથા માત્ર બાહ્ય વિ તિમા સમજ્યા જેવુ હોય છે તપ શબ્દનો અર્થ માત્ર ઉપવાસાદિ વ્રતનુ કરવુ, તે પણ બાહ્ય સજ્ઞાથી તેમાં સમજ્યા જેવુ હોય છે વળી કવચિત્ જ્ઞાન-દર્શન પદ કહેવા પડે તો ત્યા લૌકિક કથન જેવા ભાવોનાં કથનને જ્ઞાન અને તેની પ્રતીતિ અથવા તે કહેનારની પ્રતીતિને વિષે જ્ઞાન શબ્દનો અર્થ સમજવા જેવુ રહે છે

જે જીવો બાહ્ય ક્રિયા (એટલે દાનાદિ) અને શુદ્ધ વ્યવહારક્રિયાને ઉત્થાપવામાં મોક્ષમાર્ગ સમજે છે, તે જીવો શાસ્ત્રોના કોઈ એક વચનને અણસમજણભાવે ગ્રહણ કરીને સમજે છે દાનાદિ ક્રિયા જો કોઈ અહંકારાદિથી નિદાનબુદ્ધિથી કે જ્યા તેવી ક્રિયા ન સંભવે એવાં છઠ્ઠા ગુણસ્થાનાદિ સ્થાને કરે તો તે સંસારહેતુ છે એમ શાસ્ત્રોનો મૂળ આશય છે પણ સમગ્રપણે દાનાદિ ક્રિયા ઉત્થાપવાનો શાસ્ત્રોનો હેતુ નથી તે માત્ર પોતાની મતિકલ્પનાથી નિષેધે છે તેમ જ વ્યવહાર બે પ્રકારના છે એક પરમાર્થમૂળહેતુ વ્યવહાર અને બીજો

વ્યવહારરૂપ વ્યવહાર. પૂર્વે આ જીવે અનંતીવાર કર્યા છતાં આત્માર્થ થયો નહીં એમ શાસ્ત્રોમાં વાંચ્યો છે ને વાક્ય ગ્રહણ કરી સઘળો વ્યવહાર ઉત્થાપના । પોતે સમજ્યા એવું માને છે પણ શાસ્ત્રકારે તો તેવું કશું કહ્યું નથી. જે વ્યવહાર પરમાર્થહેતુમૂળ વ્યવહાર નથી અને માત્ર વ્યવહારહેતુ વ્યવહાર છે તેના દુરાગ્રહને શાસ્ત્રકારે નિષેધ્યો છે જે વ્યવહારનું ફળ ચાર ગતિ થાય તે વ્યવહાર વ્યવહારહેતુ કહી શકાય અથવા જે વ્યવહારથી આત્માની વિભાવ દશા જવા યોગ્ય ન થાય તે વ્યવહારને વ્યવહારહેતુ વ્યવહાર કહેવાય, એનો શાસ્ત્રકારે નિષેધ કર્યો છે તે પણ એકાંતે નહીં કેવળ દુરાગ્રહથી અથવા તેમાં જ મોક્ષમાર્ગ માનનારને એ નિષેધથી સાચા વ્યવહાર ઉપર લાવવા કર્યો છે અને પરમાર્થહેતુમૂળ વ્યવહાર શમ સંવેગ નિર્વેદ અનુકંપા આસ્થા અથવા સદ્ગુરુ સત્શાસ્ત્ર અને મન વચનાદિ સમિતિ તથા ગુપ્તિ તેનો નિષેધ કર્યો નથી અને તેનો જો નિષેધ કરવા યોગ્ય હોય તો શાસ્ત્રો ઉપદેશીને બાકી શું સમજવા જેવું રહેતું હતું કે શું સાધનો કરાવવાનું જણાવવું બાકી રહેતું હતું કે શાસ્ત્રો ઉપદેશ્યાં ? અર્થાત્ તેવા વ્યવહારથી પરમાર્થ પમાય છે અને અવશ્ય જીવે તેવો વ્યવહાર ગ્રહણ કરવો કે જેથી પરમાર્થ પામશે એમ શાસ્ત્રોનો આશય છે શુષ્કઅધ્યાત્મી અથવા તેના પ્રસંગી તે આશય

સમજ્યા વિના તે વ્યવહારને ઉત્થાપી પોતાને તથા પરને દુર્લભબોધીપણું કરે છે

શમ સંવેગાદિ ગુણો ઉત્પન્ન થયે અથવા વૈરાગ્ય વિશેષ નિષ્પક્ષપાતતા થયે કષાયો પાતળાં પડયે તથા કંઈ પણ પ્રજ્ઞાવિશેષથી સમજવાની યોગ્યતા થયે જે સદ્ગુરુગમે સમજવા યોગ્ય અધ્યાત્મગ્રંથો, ત્યાંસુધી ઘણું કરી શાસ્ત્ર જેવા છે તે પોતાની કલ્પનાએ જેમ તેમ વાંચી લઈ, નિર્ધારી લઈ તેવો અંતર્ભેદ થયાવિના અથવા દશા ફર્યાવિના વિભાવ ગયાવિના પોતાને વિષે જ્ઞાન કલ્પે છે અને ક્રિયા તથા શુદ્ધ વ્યવહારરહિત થઈ વર્તે છે, એવો ત્રીજો પ્રકાર શુષ્કઅધ્યાત્મીનો છે કોમ-જીવને આવા યોગ બાઝે તેવું છે અથવા તો જ્ઞાનરહિત ગુરુ કે પરિગ્રહાદિ યુક્ત ગુરુઓ, માત્ર પોતાના માન પૂજાદિની કામનાએ ફરતા એવા, જીવોને અનેક પ્રકારે અવળે રસ્તે ચઢાવી દે છે, અને ઘણું કરીને ક્વચિત્ જ એવું નહીં હોય, જેથી એમ જણાય છે કે કાળનું દુસમપણું છે

આ દુસમપણું લખ્યું છે તે જીવને પુરુષાર્થરહિત કરવા અર્થે લખ્યું નથી પણ પુરુષાર્થજાગૃતિઅર્થે લખ્યું છે

અનુકૂળ સંયોગમાં તો જીવને કંઈક ઓછી જાગૃતિ હોય તોપણ વખતે હાનિ ન થાય પણ જ્યાં આવા પ્રતિકૂળ યોગ વર્તતા હે ત્યાં અવશ્ય મુમુક્ષુ જીવે વધારે જાગ્રત રહેવું જોઈએ કે જેથી તથારૂપ પરા

ભવ ન થાય અને તેવા કોઈ પ્રવાહમાં ન તણાઈ જવાય.

વત્તમાનમાં દુસમ કળો છે જ્યા તેને વિષે અનંત ભવને છેદી માત્ર એક જ ભવ બાકી રહે એવુ એકાવતારીપણુ પ્રાપ્ત થાય એવુ સભ છે માટે વિચારવાન જીવે તે લક્ષ રાખી ઉદ્ગ કરવા તેવા પ્રવાહોમા ન પડતાં યથાશક્તિ વૈરાગ્યાદિ અવસ્ય આરાધી સદ્ગુરનો યોગ પ્રાપ્ત કરી કષાયાદિ દોષ છે. કરવાવાળો એવા અને અજ્ઞાનથી રહિત થવાનો સત્ય માર્ગ પ્રાપ્ત કરવો મુમુક્ષુ જીવમાં શમાદિ કહ્યા તે ગુણો અવસ્ય સંભવે છે, અથવા તે ગુણો વિના મુમુક્ષુતા ન કહી શકાય.

નિત્ય તેવો પરિચય રાખતાં તે તે વાત શ્રવણ કરતાં વિચા તા ફરીફરીને પુરષાર્થ કરતાં તે મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે તે મુમુક્ષુતા ઉત્પન્ન થયે જીવને પરમાર્થ માર્ગ અવસ્ય સમજાય છે મુબઈ કાર્તિક સુ ૧૯૪૯

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આત્મજ્ઞાન, તેમ જ આત્મજ્ઞાનની, પ્રાપ્તિનણુ નિદાન ૬

વૈરાગ્ય ત્યાગ દયાદિ અંતરંગ વાળી ક્રિયા છે તે જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે, અર્થાત્ ભવનુ મૂળ છેદે છે, અથવા વૈરાગ્ય ત્યાગ દયાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણો છે એટલે જીવમાં પ્રથમ એ ગુણો આવે થી સદ્ગુરુનો ઉપદેશ તેમા પરિણામ પામે છે ઉજ્જવળ અંતઃકરણ વિના સદ્ગુરુનો ઉપદેશ પરિણમતો નથી, તેથી વૈરાગ્યાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં

સાધનો છે એમ કહ્યુ

અને જે ધ્વો ક્રિયાજડ છે તેને એવો ઉપદેશ કર્યો કે કાયા જ માત્ર રોકવી તે કાંઈ આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ નથી વૈરાગ્યાદિ ગુણો આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે, માટે તમે તે ક્રિયાને અવગાહો અને તે ક્રિયામા પણ અટકીને રહેવુ ઘટતુ નથી, કેમકે આત્મજ્ઞાન વિના તે પણ ભવનુ મૂળ છેદી શકતા નથી માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિને અર્થે તે વૈરાગ્યાદિ ગુણોમા વર્તો અને કાયકલેશરૂપ પણ કષાયાદિનુ જેમા તથારૂપ કંઈ ક્ષીણપણુ નથી તેમા તમે મોક્ષમાર્ગનો દુરાગ્રહ રાખો નહીં એમ ક્રિયાજડને કહ્યુ

અને જે શુષ્કજ્ઞાનીઓ ત્યાગ વૈરાગ્યાદિ રહિત છે માત્ર વાચાજ્ઞાની છે તેને એમ કહ્યુ કે વૈરાગ્યાદિ સાધન છે તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના કારણો છે કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી તમે વૈરાગ્યાદિ પણ પામ્યા નથી તો આત્મજ્ઞાન ક્યાથી પામ્યા હો. તે કંઈક આત્મામાં વિચારો સંસાર પ્રત્યે બહુ ઉદાસીનતા દેહની મૂર્છાનુ અલ્પત્વ ભોગમા અનાસક્તિ તથા માનાદિનું પાતળાપણું એ આદિ ગુણોવિના તો આત્મજ્ઞાન પરિણામ પામતુ નથી અને આત્મજ્ઞાન પામ્યે તો તે ગુણો અત્યંત દૃઢ થાય છે, કેમકે આત્મજ્ઞાનરૂપ મૂળ તને પ્રાપ્ત થયુ તેને બદલે તમે આત્મજ્ઞાન અમને છે એમ માનો છો અને આત્મામાં તો ભોગાદિ કામનાની અગ્નિ બળ્યાં કરે છે પૂજા સત્કારાદિની કામના વારંવાર સ્ફુરાયમાન થાય છે

સહજ અજ્ઞાનને બહુ આકુળ વ્યાકુળતા થઈ જાય છે તે કેમ લક્ષમાં આવતું નથી? આ આત્મજ્ઞાનીનો ગણ નહીં! માત્ર માયાદિ કામનાએ આ જ્ઞાની કહેવાનું છે એમ જે સમજવામાં આવતું નથી તે સમજે અને વૈરાગ્યાદિ સાધનો પ્રથમ તો આત્મામાં ઉત્પન્ન કરો કે જેથી આત્મજ્ઞાનની સન્મુખતા થાય

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન ૭

જેના અંતઃકરણમાં ત્યાગ-વૈરાગ્યાદિ ગુણો ઉત્પન્ન થયા નથી, એવા જીવને આત્મજ્ઞાન ન થાય કેમકે મલિન અંતઃકરણરૂપ દર્પણમાં આત્મોપદેશનું પ્રતિબિંબ પડવું ઘટતું નથી તેમ જ માત્ર ત્યાગ-વિરાગમાં રાચીને કૃતાર્થતા માને તે પણ પોતાના આત્માનું ભાન ભૂલે અર્થાત્ આત્મજ્ઞાન નહીં હોવાથી અજ્ઞાનનું સહચારી પણું છે જેથી તે સાધન વૈરાગ્યાદિનું માન ઉત્પન્ન કરવા અર્થે અને મનાવા સર્વ સંયમાદિ પ્રવૃત્ત થઈ જાય જેથી સંસારનો ઉચ્છેદ ન થાય માત્ર ત્યાં જ અટકવું થાય. અર્થાત્ તે આત્મજ્ઞાનને પામે નહીં

એમ ક્રિયા-જડોને સાધન-ક્રિયા અને તે સાધનનું જેથી સફળપણું થાય એવા આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો અને શુષ્કજ્ઞાનીને ત્યાગ-વિરાગાદિ સાધનનો ઉપદેશ કરી વાચાજ્ઞાનમાં કલ્યાણ નથી એમ પ્રેર્યું

જ્યા જ્યા જે જે યોગ્યછે, તહા સમજવુ તેહ,
ત્યા ત્યા તે તે આચરે, આત્માર્થી જન એહ ૮

જે જે હેમણે જે જે યોગ્ય છે એટલે જ્યા ત્યાગ વૈરાગ્યાદિ યોગ્ય હોય ત્યા ત્યાગ-વૈરાગ્યાદિ સમજે, આત્મજ્ઞાન યોગ્ય હોય ત્યા આત્મજ્ઞાન સમજે, એમ જે જ્યા જોઈએ તે ત્યા સમજવુ, અને ત્યા ત્યા તે પ્રમાણે પ્રવર્ત્તવુ એ આત્માર્થી જીવનુ લક્ષણ છે અર્થાત્ મતાર્થી હોય કે માનાર્થી હોય તે યોગ્ય માર્ગને ગ્રહણ ન કરે, અથવા ક્રિયામા જ જેને દુરાગ્રહ થયો છે અથવા શુષ્કજ્ઞાનના જ અભિમાનમા જેણે જ્ઞાનીપણું માની લીધુ છે તે ત્યાગ-વૈરાગ્યાદિ સાધનને અથવા આત્મજ્ઞાનને ગ્રહણ ન કરી શકે

જે આત્માર્થી હોય તે જ્યા જ્યા જે જે કરવુ ઘટે છે તે તે કરે અને જ્યા જ્યા જે જે સમજવુ ઘટે છે તે તે સમજે અથવા જ્યા જ્યાં જે જે સમજવુ ઘટે છે તે તે સમજે અને જ્યા જે જે આચરવુ ઘટે છે તે તે આચરે, તે આત્માર્થી કહેવાય

અત્રે સમજવુ ' અને આચરવુ ' એ બે સામાન્ય પદ છે પણ વિભાગપૂર્વક કહેવાનો આશય એવો પણ છે કે, જે જે જ્યાં સમજવુ ઘટે તે તે સર્વ સમજવાની કામના જેને છે, અને જે જે જ્યા આચરવુ ઘટે તે તે ત્યા આચરવાની જેને કામના છે તે પણ આત્માર્થી કહેવાય.

નડિયાદ આશો વ ૨, સવત્ ૧૯૫૨

સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ,
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ ૯

આશંકા -ઘણાને ક્રિયાજડત્વ વર્ત્તે છે અને ઘણાને શુષ્કજ્ઞાનીપણું વર્ત્તે છે તેનું શું કારણ હોવું જોઇએ ? એવી આશંકા કરી તેનું

સમાધાન -સદ્ગુરુના ચરણને જે પોતાનો પક્ષ એટલે મત છોડી દઈ સેવે તે પરમાર્થને પામે, અને નિજપદનો એટલે આત્મસ્વભાવનો લક્ષ લે અર્થાત્ ઘણાને ક્રિયાજડત્વ વર્ત્તે છે તેનો હેતુ એ છે કે અસદ્ગુરુ કે જે આત્મજ્ઞાન અને આત્મજ્ઞાનના સાધનને જાણતા નથી તેનો તેણે આશ્રય કર્યો છે જેથી તેનો માત્ર ક્રિયાજડત્વનો એટલે કાયક્લેશનો માર્ગ જાણે છે તેમાં વળગાડે છે, અને કુળધર્મ દૃઢ કરાવે છે જેથી તેને સદ્ગુરુનો યોગ મેળવવાની આકાંક્ષા થતી નથી, અથવા તેવા યોગ મળ્યે પણ પક્ષની દૃઢ વાસના તેને સદુપદેશ સંમુખ થવા દેતી નથી એટલે ક્રિયાજડત્વપણું ટળતું નથી અને પરમાર્થની પ્રાપ્તિ થતી નથી

અને જે શુષ્કજ્ઞાની છે તેણે પણ સદ્ગુરુના ચરણ સેવ્યા નથી માત્ર પોતાની મતિ-કલ્પનાથી સ્વચ્છંદપણે અધ્યાત્મ ગ્રંથો વાંચ્યા છે અથવા શુષ્કજ્ઞાની સમીપથી તેવા ગ્રંથો કે વચનો સાંભળી લઈને પોતાને વિષે જ્ઞાનીપણું માન્યું છે, અને જ્ઞાની ગણાવાના પદનું એક પ્રકારનું

માન છે તેમા તેને મીઠાશ રહી છે અને એ તેનો પક્ષ થયો છે અથવા કોઈ એક કારણવિશેષથી શાસ્ત્રોમાં દયા દાન, અને હિંસા પૂજાનું સમાનપણ કહ્યુ છે તેવા વચનોને તેનો પરમાર્થ સમજ્યા વિના હાથમા લઈને માત્ર પોતાને જ્ઞાની મનાવા અર્થે અને પામર જીવના તિરસ્કારના અર્થે તે વચનોનો ઉપયોગ કરે છે પણ તેવા વચનો કયે લક્ષે [આંક ૪૪૬ બીજી આવૃત્તિ] સમજવાથી પરમાર્થ થાય છે તે જાણતો નથી વળી જેમ દયા દાનાદિનુ શાસ્ત્રોમા નિષ્ફળપણુ કહ્યુ છે તેમ, નવ પૂર્વસુધી ભણ્યા છતા તે પણ અફળ ગયુ એમ જ્ઞાનનું પણ નિષ્ફળપણુ કહ્યુ છે તો તે શુષ્કજ્ઞાનનો જ નિષેધ છે એમ છતા તેનો લક્ષ તેને થતો નથી કેમકે જ્ઞાની બનવાના માને તેનો આત્મા મૂઢતાને પામ્યો છે તેથી તેને વિચારનો અવકાશ રહ્યો નથી એમ ક્રિયાજડ અથવા શુષ્કજ્ઞાની તે બન્ને ભૂલ્યા છે, અને તે પરમાર્થ પામવાની વાછા રાખે છે, અથવા પરમાર્થ પામ્યા છીએ એમ કહે છે તે માત્ર તેમનો દુરાગ્રહ તે પ્રત્યક્ષ દેખાય છે

જો સદ્ગુરુના ચરણ સેવ્યાં હોત, તો એવા દુરાગ્રહમા પડી જવાનો વખત ન આવત અને આત્મસાધનમા જીવ દોરાત અને તથારૂપ સાધનથી પરમાર્થને પામત અને નિજપદનો લક્ષ લેત અર્થાત્ તેની વૃત્તિ આત્મા સન્મુખ થાત.

વળી ઠામ ઠામ એકાકીપણે વિચરવાનો નિષેધ કર્યો છે, અને સદ્ગુરુની સેવામા વિચરવાનો જ ઉપદેશ કર્યો છે, તેથી પણ એમ સમજાય છે કે જીવને હિતકારી અને મુખ્ય માર્ગ તે જ છે, અને અસદ્ગુરુથી પણ કલ્યાણ થાય એમ કહેવુ તે તો તીર્થંકરાદિની–જ્ઞાનીની–આસાતના કરવા સમાન છે કેમકે તેમા અને અસદ્ગુરુમા કઈ ભેદ ન પડ્યો જન્માંધ અને અત્યત શુદ્ધ નિર્મળ ચક્ષુવાળાનુ કઈ ન્યૂનાધિકપણુ ઠર્યું જ નહીં વળી કોઈ શ્રી ઠાણાગસૂત્ર' ની ચોભગી*

---

* શ્રી ઠાણાગ સૂત્ર' ની એક ચોભગીનો ઉત્તર વિશેષ સમજવા માગ્યો હતો તે સક્ષેપમા અત્રે લખ્યો છે

૧ એક આત્માનો ભવાત કરે પણ પરનો ન કરે તે પ્રત્યેક બુદ્ધ કે અશોચ્યા કેવલી

૨ એક આત્માનો ભવાત ન કરી શકે, અને પરનો ભવાત કરે તે અચરિમ શરીરી આચાર્ય એટલે જેને હજુ અમુક ભવ બાકી છે, પણ ઉપદેશ માનના આત્માએ કરી તર્યુ છે તેથી તેનાથી ઉપદેશ સાભળી સાભળનાર જીવ તે ભવે ભવનો અત પણ કરી શકે અને આચાર્ય તે ભવે ભવાત કરનાર નહીં હોવાથી તેમને બીજા ભગમા ગણ્યા છે અથવા કોઈ જીવ પૂર્વ કાળે જ્ઞાનારાધન કરી પ્રારબ્ધોદયે મદ ક્ષયોપશમથી વર્તમાનમા મનુષ્ય દેહ પામી તેવો માર્ગ નથી જાણતો એવા કોઈ ઉપદેશક પાસેથી ઉપદેશ સાભળતા પૂર્વ સસ્કારથી પૂર્વના આરાધનથી એવો વિચાર પામે કે આ પ્રરૂપણા જરૂર મોક્ષનો હેતુ ન હોય, કેમકે અધપણે તે માર્ગ કહે છે અથવા આ ઉપદેશ દેનારો જીવ પોતે અપરિણામી રહી ઉપદેશ કરે છે તે મહા અનર્થ

ગ્રહણ કરીને એમ કહે છે કે ' અભવ્યના તાર્યા પણ તરે.' તો તે વચન પણ વદતોવ્યાઘાત જેવું છે એક તો મૂળમા ઠાણાંગ ' મા તે પ્રમાણે પાઠ જ નથી જે પાઠ છે તે આ પ્રમાણે છે ० ० ० ० ० ० † તેનો શબ્દાર્થ આ પ્રમાણે છે ० ० ० ० ० ० ० ० તેનો વિશેષાર્થ ટીકાકારે ० ० ० ० ० ० ० આ પ્રમાણે કર્યો છે ० ० ० ० ० ० ० ० જેમા કોઈ સ્થળે અભવ્યના તાર્યા તરે એવુ કહ્યુ નથી અને કોઈ એક ટબામા કોઇએ એવુ વચન લખ્યુ છે તે તેની સમજનું અયથાર્થપણુ સમજાય છે

કદાપિ એમ કોઈ કહે કે અભવ્ય કહે છે તે યથાર્થ નથી, એમ ભાસવાથી યથાર્થ શુ છે ? તેનો લક્ષ થવાથી સ્વવિચારને પામીને તર્યા એમ અર્થ કરીએ તો તે એક પ્રકારે સંભવિત થાય છે, પણ તેથી અભવ્યના તાર્યા તર્યા એમ કહી શકાતું નથી એમ

છે, એમ વિમાસતા પૂર્વારાધન જાગૃત થાય અને ઉદય છેની ભવાત કર તેથી નિમિત્ત રૂપ ગ્રહણ કરી તેવા ઉપદેશકનો પણ આ ભાગને વિષે સમાસ કર્યો હોય એમ લાગે છે

૩ પોતે તરે અને બીજાને તારે. તે શ્રીતીર્થ કરાદિ

૪ પોતે તરે પણ નહીં અને બીજાને તારી પણ ન શકે તે અભવ્ય કે દુર્ભવ્ય જીવ

એ પ્રકારે સમાધાન કર્યું હોય તો જિનાગમ વિરોધ નહિ પામે

† આવા ० ० ० ० ० ० ० ० ० ચિહ્ન મૂકેલા છે તે સ્થળે મૂળ લેખમા વચનો ટકાયા નથી.—સશોધક

વિચારી જે માંથી અનન્ત દૂર નથી છે, તકે છે અને તેમાં, તે માટે અત્યારે અને સ્વચ્છિન્ન અર્થનો ભાન [illegible] ઈ ત્યાગ કરો એ જ હેય છે, તે અભ્યાસી [illegible] એમ તમ [illegible] તે [illegible] નિષેધ કરેલ છે કે અમસ્તુ [illegible] છે. અને અહિંસાદિ [illegible] પૂર્વ [illegible] પાનની પમ સમજવો નહીં [illegible] ઉપ [illegible] એમ [illegible] નિરૂપણ કર્યું છે, તે આત્માનું મહાત્મ્ય દર્શાવવા અને જે સદ્ગુરુયોગ ન હોય તો [illegible] તે [illegible] નિરૂપણ [illegible] કર્યું [illegible] મુમુક્ષુએ પ્રવર્તવાનો માર્ગ ઉપદેશ [illegible] પછી એ સ્થળે ના ઉભરું તે માર્ગ [illegible] વધારે સમજાવ્યું [illegible] તે અહિંસા [illegible] ● ● ● ● ● ● અર્થાત્ [illegible] આ પ્રસંગ સાંભળીને કે તેને જે [illegible] તેના નિષેધપણે [illegible] એવો આશય નથી એમ [illegible] છે

કોઈ તીવ્ર આત્માર્થીને એવો [illegible] સદ્ગુરુનો યોગ ન મળ્યો હોય અને તેની તીવ્ર [illegible] કામનામાં જ નિજવિચારમાં [illegible], અથવા તીવ્ર [illegible] નિજવિચારમાં પડવાથી આત્મજ્ઞાન થયું હોય તેને સદ્ગુરુ આજ્ઞાનો ઉપેક્ષિત નહીં એવો અને સદ્ગુરુથી પોતાને

જ્ઞાન મળ્યુ નથી માટે ભોગ છુ એવો નહીં હોય તેને થયુ ન્હેાા, એમ વિચારી વિચારવાન જીવે શાશ્વત મોક્ષમાર્ગને લોપ ન થાય તેવુ વચન પ્રમાણવુ જોઈએ

એક ગામથી બીજે ગામ જવુ હોય અને તેના માર્ગ દીઠો ન હોય એવો પોતે પચાશ વર્ષને પુરુષ હોય, અને બાળો ગામ જોઈ આવ્યો હોય તેને પણ તે માર્ગની ખબર પડતી નથી, અને કોઈને પૂછે ત્યારે જણાય છે, નહીં તો ભૂલ ખાય છે અને તે માર્ગને જાણનાર એવુ દશ વર્ષનુ બાળક પણ તેને તે માર્ગ દેખાડે છે તેથી તે પહોચી શકે છે એમ લૌકિકમા અથવા વ્યવહારમા પણ પ્રત્યક્ષ છે માટે જે આત્માર્થી હોય, અથવા જેને આત્માર્થની ઇચ્છા હોય તેણે સદ્ગુરુના યોગે તરવાના કામી જીવનું કલ્યાણ થાય એ માર્ગ લોપવો જ નહીં કેમકે તેથી સર્વ જ્ઞાની પુરુષની આજ્ઞા લોપવા બરાબર થાય છે

આશકા — પૂર્વે સદ્ગુરુનો યોગ તો ઘણી વખત થયો છે છતા જીવનુ કલ્યાણ થયુ નહીં જેથી સદ્ગુરુના ઉપદેશનુ એવુ કઈ વિશેષપણુ દેખાતુ નથી એમ આશકા થાય તો તેના ઉત્તર બીજા પદમા જ કહ્યો છે કે

ઉત્તર — જે પોતાના પક્ષને ત્યાગી દઈ સદ્ગુરુના ચરણને સેવે, તે પરમાર્થને પામે અર્થાત્ પૂર્વે સદ્ગુરુનો યોગ થવાની વાત સત્ય છે પરંતુ ત્યા જીવે તેને સદ્ગુરુ જાણ્યા નથી અથવા ઓ.

થી પ્રતીત્યા નથી અને તેથી પામે પોતાનો માન અને મત મૂક્યા નથી અને તેથી સદ્ગુરુનો ઉપદેશ પણ લાભ પામ્યા નહીં અને પરમાર્થની પ્રાપ્તિ થઈ નહીં એમ જ પોતાનો મત આગ્રહ કરે છે અને દુઃખનો આગ્રહ કરીને સદુપદેશ ચરણ ત્યાનો કાંઈ ફેર જોત તો અવશ્ય પરમાર્થ પામત

આશંકા —જ્યારે અસદ્ગુરુએ દૃઢ કરાવેલા દુર્બોધ થી અથવા માનાદિકના હેતુ કામીપણાથી જીવ પણ આગ્રહ થતો જાય છે કે કે જીવનો પૂર્વ કલ્યાણ થાય છે અને તેમને સદ્ગુરુનો યોગ, સત્શાસ્ત્રનો કંઈ ગુણની પ્રાપ્તિ થઈ છે અને તે અસદ્ગુરુથી પણ કલ્યાણની પ્રાપ્તિ થાય અસદ્ગુરુને પોતાને આત્મજ્ઞાનની પ્રતીતિ નથી પણ બીજાને તે પમાડી શકે એટલે બીજાને તે માર્ગની પ્રતીતિ, તેનો ઉપદેશ સાંભળીને કરે તો તે પરમાર્થ પામે, માટે સદ્ગુરુ સત્શાસ્ત્રના યોગ પણ પરમાર્થની પ્રાપ્તિ થાય એવી આશંકાનું સમાધાન કરે છે

સમાધાન —યદિ કોઈ જીવ પોતે વિચાર કરતાં બુઝયાનો એવો શાસ્ત્રમાં પ્રસંગ છે, પણ કોઈ સ્થળે એવો પ્રસંગ રહ્યો નથી કે અસદ્ગુરુથી અમુક બુઝયા હોય કોઈ પોતે વિચાર કરતાં બુઝયા છે એમ કહ્યું છે તેમાં શાસ્ત્રોનો કહેવાનો હેતુ એવો છે કે સદ્ગુરુની આજ્ઞાએ વર્તવાથી જીવનું કલ્યાણ થાય છે એમ અમે કહ્યું છે પણ તે વાત યથાર્થ નથી અથવા સદ્ગુરુની આજ્ઞા

જીવને કંઈ કાગળ નથી એમ કહેવાને માટે તેમ જે જીવો પોતાના વિચાર થી સ્વરબોધ પામ્યા છે એમ કહ્યુ છે તે પણ વર્તમાન દેહે પોતાના વિચારથી અથવા બોધથી બુઝયા કહ્યા છે, પણ પૂર્વે તે વિચાર અથવા બોધ તેણે સન્મુખ કર્યો છે તેથી વર્તમાનમાં તે સ્ફુરાયમાન થવાનો સભવ છે તીર્થ કરાદિ સ્વયબુદ્ધ' કહ્યા છે તે પણ પૂર્વે ત્રીજે ભવે સદ્‌ગુરૂ ની નિશ્ચય સમકિત પામ્યા છે એમ કહ્યું છે એટલે કે સ્વયબુદ્ધપણુ કહ્યુ છે તે વર્તમાન ' ની અપેક્ષાએ કહ્યુ છે અને તે સદ્‌ગુરૂપના નિષેધને અર્થે કહ્યુ નથી અને જો સદ્‌ગુરૂપનો નિષેધ કરે તો તે સદ્દેવ સદ્‌ગુરૂ અને સદ્ધર્મની પ્રતીતિવિના સમકિત કહ્યુ નથી ' તે કહેવામાત્ર જ થયુ

અથવા જે શાસ્ત્રનુ તમે પ્રમાણ લ્યો છો તે શાસ્ત્ર સદ્‌ગુરૂ એવા જિનના કહેલા છે તેથી પ્રમાણિક માનવા યોગ્ય છે કે કોઈ અસદ્‌ગુરૂના કહેલા છે તેથી પ્રમાણિક માનવા યોગ્ય છે ? જો અસદ્‌ગુરૂના શાસ્ત્રો પણ પ્રમાણિક માનવામા બાધ ન હોય તો તો અજ્ઞાન અને રાગ દ્વેષ આરાધવાથી પણ મોક્ષ થાય એમ કહેવામા બાધ નથી તે વિચારવા યોગ્ય છે

આચારાગસૂત્ર મા પ્રથમ શ્રુતસ્કધ પ્રથમાધ્યયનના પ્રથમ ઉદ્દેશે, પ્રથમ વાક્ય ૦ ૦ ૦ ૦ ૦ કહ્યુ છે —આ જીવ પૂર્વથી આવ્યો છે? પશ્ચિમથી આવ્યો છે? ઉત્તરથી આવ્યો છે? દક્ષિણથી આવ્યો છે? અથવા ઊંચેથી? નીચેથી? કે કોઈ

કાનેરી [illegible] આવ્યો છે. એમ જે [illegible] નથી [illegible] જો [illegible] છે તે [illegible] આ પ્રમાણ [illegible] ( ) [illegible] ઉપદેશથી [illegible] (૧) [illegible] ઉપદેશ [illegible] અને બોધ થવામાં સદ્ગુરુ [illegible] નથી [illegible] એમ કહ્યું [illegible] ગુરુની [illegible]

ગુરુની આજ્ઞાએ [illegible] ઉપદેશ [illegible] અને [illegible] ભ્રમ [illegible] પોતાના વિચારથી બોધ પામ્યા [illegible] પૂર્વે સદ્ગુરુ-ઉપદેશ [illegible] ગુરુના [illegible] કહ્યા [illegible] છે [illegible] એમ [illegible] ગ્ય છે અથવા તેને [illegible] સદ્ગુરુની અપેક્ષા નથી અને ત્યાં સદ્ગુરુની ઉપેક્ષા [illegible] માનવો એમ [illegible] છે અને ત્યાં સદ્ગુરુ પ્રત્યે [illegible] કહ્યું છે તો [illegible] પ્રેરવાનો આત્મગુણ [illegible]

તથારૂપ માન આત્મગુણનું આવરણ [illegible] છે [illegible] અનેક ગુણસમૂહ [illegible] પોતાનું લઘુપણું થશે માટે [illegible] રોકાઉ યોગ્ય છે એમ [illegible] વર્ષ સુધી

નિરાહારપણે અનેક ગુણસમૂહ સાથે આત્મધ્યાનમાં રહ્યા તો પણ આત્મજ્ઞાન થયું નહીં બાકી બીજી બધી રીતની યોગ્યતા છતાં એક એ માનના ગુણથી તે જ્ઞાન અટક્યું હતું જ્યારે શ્રીઋષભદેવે પ્રેરેલી એવી બ્રાહ્મી અને સુંદરી સતીએ તેને તે દોષ નિવેદન કર્યો અને તે દોષનું ભાન તેને થયું તથા તે દોષની ઉપેક્ષા કરી અસારત્વ જાણ્યું ત્યારે કેવળજ્ઞાન થયું તે માન જ અત્રે ચાર ઘનઘાતી કર્મનું મૂળ થઈ વર્ત્યું હતું વળી બાર બાર મહિના સુધી નિરાહારપણે, એક લક્ષે, એક આસને, આત્મ-વિચારમાં રહેનાર એવા પુરુષને એવા માન તેની બારે મહિનાની દશા સફળ થવા ન દીધી, અર્થાત્ તે દશાથી માન ન સમજાયું અને જ્યારે સદ્ગુરુ એવા શ્રી ઋષભદેવે તે માન છે એમ પ્રેર્યું ત્યારે મુહૂર્તમાં તે માન વ્યતીત થયું, એ પણ સદ્ગુરુનું જ માહાત્મ્ય દર્શાવ્યું છે

વળી આખો માર્ગ જ્ઞાનીની આજ્ઞામાં સમાય

સત્સ્વરૂપને અભેદભાવે ને અનન્ય ભક્તિએ નમો નમઃ

ભાવ—અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષોની આજ્ઞાની સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના તથા તેમાં અચળ સ્નેહ થયા વિના સત્સ્વરૂપના વિચારની યથાર્થ પ્રાપ્તિ થતી નથી, અને તેવી દશા આવ્યેથી જેના ચરણારવિંદ તેણે સેવ્યા છે તે પુરુષ જેવી દશાને ક્રમે કરીને પામે છે એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ

મ' એમ વારંવાર કહ્યું છે. અધ્યયનમાં કહ્યું છે
કે — . . . .

આધ્યાત્મિક [illegible] [illegible] છે કે [illegible]
આપનું જોયું દર્શન કર્યું. એ રીતે આપવાનું
[illegible] આમ [illegible] સુજન [illegible] વ્રતના
[illegible] પુરુષ માટે [illegible]

માનવું કહેવાય નહીં (અપવાદ [illegible]) [illegible]
માનવો વિચાર કરવ [illegible] [illegible]
આગમન કહેવું [illegible] [illegible] છે એ
નિશ્ચય માનવો [illegible] [illegible]
[illegible] કહ્યું છે
[illegible] કહ્યું નથી
[illegible] પ્રથમ [illegible] કહ્યું છે

[illegible] ભગવાને [illegible]
પુરુષોને ઉપદેશમાં [illegible]
દેશ કર્યો છે —

હે આયુષ્યમનો! આ [illegible] કહ્યું છે [illegible] આ
વિના [illegible] નિશ્ચય કરીએ [illegible] કે [illegible]
કહેલ વચન તેનો ઉપદેશ તે સામર્થ્ય નથી અથવા [illegible]
પ્રકારે કહીને [illegible] નથી અને એને જ [illegible] મુનિઓનું
સામાયિક (–[illegible] પ્રતિ) કહ્યું છે

એ આ સ્થળે નહિ પણ સર્વ સ્થળે અને સર્વે
[illegible] એ જ વાત કહેવાનો [illegible] છે

आणाए धम्मो आणाए तवो ।

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ [illegible] આરાધન એ જ તપ.

'ઉત્તરાધ્યયન સૂયગડાંગાદિ' માં ઠામ ઠામ એ જ કહ્યું છે નડિયાદ આસો વદ ૨, સંવત્ ૧૯૫૨

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ,
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય ૧૦

(૧) 'સદ્ગુરુ યોગ્ય આ લક્ષણો મુખ્યપણે કયા ગુણસ્થાનકે સંભવે ? અને

(૨) સમદર્શિતા એટલે શું ?"

ઉત્તર—(૧) "સદ્ગુરુ યોગ્ય એ લક્ષણો દર્શાવ્યા તે મુખ્યપણે વિશેષપણે ઉપદેશક અર્થાત્ માર્ગપ્રકાશક સદ્ગુરુના લક્ષણ કહ્યા છે ઉપદેશક ગુણસ્થાનક છઠ્ઠું

... હજુ જીવને સમજાયો નથી, તેના કારણમાં પ્રધાન કારણ સ્વચ્છંદ છે મુંબઈ, પોષ ૧૯૪૭

મુંબઈ અસાડ શુદ ૧ ૧૯૫૦

જે જે સાધન આ જીવે પૂર્વકાળે કર્યા છે તે તે સાધન જ્ઞાની પુરુષની આજ્ઞાથી થયા જણાતા નથી એ વાત અંદેશા રહિત લાગે છે જો એમ થયું હોય તો જીવને સંસાર પરિભ્રમણ હોય નહીં જ્ઞાની પુરુષની આજ્ઞા છે તે ભવભ્રમણ થવાને આડા પ્રતિબંધ જેવી છે કારણ જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ નથી અને આત્માર્થ પણ સાધી પ્રારબ્ધવશાત્ જેનો દેહ છે એવા જ્ઞાની પુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે અને આ જીવે તો પૂર્વકાળે કંઈ આત્માર્થ જાણ્યો નથી, ઊલટો આત્માર્થ વિસ્મરણપણે આ યોગ આવ્યો છે તે પોતાની કલ્પનાથી સાધન કરે તેથી આત્માર્થ ન થાય અને ઊલટું આત્માર્થ સાધું છું

અને તેમજ છે, વચના સાતમાથી બારમા સુધીના ગુણ સ્થાનક અલ્પકાળવર્તિ છે એટલે ઉપદેશક પ્રવૃત્તિ તેમા ન સભવે માર્ગ ઉપદેશક પ્રવૃત્તિ છઠ્ઠાથી શરુ થાય ”

૭૮ ગુણસ્થાનક સપૂર્ણ વીતરાગ તા અને કેવળ જ્ઞાન નથી તે તો તેરમે છ અને યથાવત્ માર્ગઉપદે શસપણુ તેરમે ગુણસ્થાને વર્તતા સપૂર્ણ વીતરાગ અને કૈવલ્યસપન પરમસદ્ગુરુ શ્રી જિન તીર્થંકરાદિને વિષે ઘટે તથાપિ ૭૭ ગુણસ્થાનકે વર્તતા મુનિ જે સંપૂર્ણ વીતરાગતા અને કેવલ્યદશાના ઉપાસક છે તે શાઅર્થે

એવુ દૃઢ અભિમાન ઉત્પન્ન થાય કે જે જીવને સસારનો મુખ્ય હેતુ છે જે વાત સ્વપ્ને પણ આવતી નથી તે જીવ માત્ર અભ્યસથી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે તેમ આ જીવ પૂર્વકાળથી અધ ચાલ્યો આવતા છતા પોતાની કલ્પનાએ આત્માર્થ માને તો તેમા સફળપણુ ન હોય એ સાવ સમજી શકાય એવો પ્રકાર છે

એટલે એમ તો જણાય છે કે જીવના તેપૂર્વકાળના બધા માઠા સાધન કલ્પિત સાધન મટવા અપૂર્વ જ્ઞાન સિવાય બીજો કાઈ ઉપાય નથી અને તે અપૂર્વ વિચારવિના ઉત્પન્ન થવા સભવ નથી અને તે અપૂર્વ વિચાર અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા ક્યા પ્રકાર જીવને પ્રાપ્ત થાય એ વિચારતા એમ જ સિદ્ધાત થાય છે—જ્ઞાની પુરુષની આજ્ઞાનુ આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે અને એ વાત જ્યારે જીવથી મનાય છે ત્યારથી જ બીજા દોષનુ ઉપશમવુ, નિવૃત્તવુ શરૂ થાય છ

જેનાં પ્રવર્ત્તન પુરવાય છે, તે દશાને સંપુર્ણપણે જે પામ્યા નથી, તથાપિ તે સંપૂર્ણદશા પામવાના માર્ગ–સાધન–પોતે પરમસદ્‌ગુરુશ્રી તીર્થંકરાદિ આપ્તપુરુષનાં આશયવચનથી જેણે જાણ્યા છે પ્રતીત્યા છે, અનુભવ્યા છે એ માર્ગ–સાધનની ઉપાસનાએ જેની તે દશા ઉત્તરોત્તર વિશેષ–વિશેષ પ્રગટ થતી જાય છે તથા શ્રી જિન તીર્થંકરાદિ પરમ સદ્‌ગુરુનુ તેનાં સ્વરૂપનુ ઓળખાણ જેના નિમિત્તે થાય છે તે સદ્‌ગુરુને વિષે પણ માર્ગનુ ઉપદેશકપણુ અવિરોધરૂપ છે, તેથી નીચેનાં પાચમા, ચોથા ગુણસ્થાનકે માર્ગનુ ઉપદેશકપણું ઘણુકરી ન ઘટે કેમકે ત્યા બાહ્ય (ગૃહસ્થ) વ્યવહારનો પ્રતિબધ છે અને બાહ્ય અવિરતિરૂપ ગૃહસ્થ–વ્યવહાર છતા વિરતિરૂપ માર્ગનુ પ્રભાવવુ એ માર્ગને વિરોધરૂપ છે

ચોથાથી નીચેનાં ગુણસ્થાનકે તો માર્ગનુ ઉપદેશકપણુ ઘટે જ નહીં કેમકે ત્યા માર્ગની આત્માની તત્ત્વની, જ્ઞાનીની ઓળખાણ–પ્રતીતિ–નથી, તેમ જ સમ્યક્–વિરતિ નથી અને એ ઓળખાણ–પ્રતીતિ અને સમ્યક્ વિરતિ નહીં છતાં તેની પ્રરૂપણા કરવી ઉપદેશક થવુ એ પ્રગટ મિથ્યાત્વ, કુગુરુપણુ અને માર્ગનુ વિરોધપણુ છે ”

‘ ચોથે પાચમે ગુણસ્થાને એ ઓળખાણ–પ્રતીતિ છે અને આત્મજ્ઞાનાદિ ગુણો અંશે વર્ત્તે છે અને પાચમામાં દેશવિરતિપણાને લઈ ચોથાથી વિશેષતા છે,

તથાપિ સર્વવિરતિના જેટલી ત્યાં વિશુદ્ધિ નથી ”

આત્મજ્ઞાન સમ દર્શિતા આદિ જે લક્ષણો દર્શાવ્યાં તે અંતરિક્ષમે રિયત વીતરાગદશાધારક ઉપદેશક ગુણ સ્થાને વર્તતા સદ્ગુરુના જ કે મુખ્યતાએ દર્શાવ્યા છે, અને તેમના વિષે તે ગુણો ઘણા અશે વર્ત્ત છે તથાપિ તે લક્ષણો સર્વાશે સંપૂર્ણ તે તેરમા ગુણસ્થાનકે વર્તતા સંપૂર્ણ વીતરાગ અને સ્વયંભૂ જીવનમુક્ત સયોગિકેવલી પરમસદ્ગુરુ શ્રી જિન અરિહંત તીર્થ કરને વિષે વર્ત્ત છે તેમના વિષે આત્મજ્ઞાન અર્થાત્ સ્વરૂપસ્થિતિ સંપૂર્ણપણે વર્ત્ત છે તે તેમની જ્ઞાનદશા અર્થાત્ જ્ઞાનાતિશય સૂચવ્યો તેઓને વિષે સમદર્શિતા અર્થાત્ ઇચ્છારહિતપણુ સંપૂર્ણપણે વર્ત્ત છે, તે તેમની વીતરાગ ચારિત્રદશા અર્થાત્ અપાયાપગમાતિશય સૂચવ્યો સંપૂર્ણપણે ઇચ્છાદિ હોવાથી વિચરવા આદિની તેઓની દૈહિક યોગક્રિયા પૂર્વ પ્રારબ્ધોદય વેદી લેવા પુરતી જ છે માટે વિચરે ઉદય પ્રયોગ કહ્યુ અપૂર્વ નિજઅનુભવરૂપ તેમની વાણી અજ્ઞાનીની વાણીથી વિલક્ષણ અને એમાન આત્માર્થે બોધક હોઈ તેમને વિષે વાણીનુ અપૂર્વપણુ કહ્યુ તે તેમનો વચનાતિશય સૂચવ્યો વાણીધર્મે વર્તતુ શ્રુત પણ તેઓને વિષે કોઈ પણ નય ન દુભાય એવુ સાપેક્ષપણે વર્ત્ત છે તે તેમનો પરમશ્રુતગુણ સૂચવ્યો, અને પરમશ્રુત જેને વિષે વર્ત્ત તે પૂજ્વા યોગ્ય હોઈ,

તેમનો તેથી પૂજાતિશય સૂચવ્યો આ શ્રી જિનેન્દ્ર અરિહંત તીર્થંકર પરમ સદ્ગુરુને પણ ઓળખાવનારા વિદ્યમાન સર્વવિરતિ સદ્ગુરુ છે, એટલે એ સદ્ગુરના પક્ષે એ લક્ષણો મુખ્યતાએ દર્શાવ્યા છે "

(૨) 'સમ ર્શિતા એટલે પદાર્થને વિષે ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિરહિતપણું ઇચ્છારહિતપણું મમત્વરહિતપણું સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે રાગદ્વેષરહિત થવું તે ચારિત્રદશા છે ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ મમત્વ ભાવાભાવનું ઉપજવું એ રાગ-દ્વેષ છે આ મને પ્રિય છે, આ ગમે છે આ મને અપ્રિય છે ગમતું નથી એવો ભાવ સમદર્શિને વિષે ન હોય '

સમદર્શિ બાહ્ય પદાર્થને, તેના પર્યાયને, તે પદાર્થ તથા પર્યાય જેવા ભાવે વર્ત્તે તેવા ભાવે દેખે જાણે જણાવે, પણ તે પદાર્થ કે તેના પર્યાયને વિષે મમત્વ કે ઇષ્ટઅનિષ્ટપણું ન કરે "

'આત્માનો સ્વાભાવિક ગુણ દેખવા-જાણવાનો હોવાથી તે જ્ઞેય પદાર્થને જ્ઞેયાકારે દેખે જાણે, પણ જે આત્માને સમદર્શિપણું પ્રગટ થયું છે તે આત્મા તે પદાર્થને દેખતા જાણતા છતા તેમાં મમત્વ બુદ્ધિ તાદાત્મ્યપણું, ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ન કરે વિષમદૃષ્ટિ આત્માને પદાર્થને વિષે તાદાત્મ્યવૃત્તિ થાય, સમદૃષ્ટિ આત્માને ન થાય '

'કોઈ પદાર્થ કાળો હોય તો સમદર્શિ તેને

કાળો દેખે જાણે જણાવે કોઈ શ્વેત હોય તો તેને તેવો દેખે જાણે જણાવે કોઈ સુરભિ (સુગંધી) હોય તો તેને તેવો દેખે જાણે જણાવે. કોઈ દુરભિ (દુર્ગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે જણાવે. કોઈ ઉંચો હોય કે નીચો હોય તો તેને તેને તેવો તેવો દેખે જાણે જણાવે સર્પને સર્પની પ્રકૃતિ રૂપે દેખે, જાણે જણાવે વાઘને વાઘની પ્રકૃતિ રૂપે દેખે, જાણે જણાવે. ઇત્યાદિ પ્રકારે વસ્તુ માત્રને જે રૂપે, જે ભાવે તે હોય તે રૂપે તે ભાવે સમદર્શિ દેખે, જાણે જણાવે હેય (છાંડવા યોગ્ય) ને હેય રૂપે દેખે જાણે જણાવે ઉપાદેય (આદરવા યોગ્ય) ને ઉપાદેય રૂપે દેખે જાણે જણાવે પણ સમદર્શિ આત્મા તે બધામાં મારાપણું ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ રાગ દ્વેષ ન કરે સુગંધ દેખી પ્રિયપણું ન કરે, દુર્ગંધ દેખી અપ્રિયતા-દુગંછા ન આણે (વ્યવહારથી) સારું ગણાતું દેખી આ મને હોય તો ઠીક એવી ઇચ્છાબુદ્ધિ (રાગ રતિ) ન કરે (વ્યવહારથી) માઠું ગણાતું દેખી આ મને ન હોય તો ઠીક એવી અનિચ્છાબુદ્ધિ (દ્વેષ અરતિ) ન કરે પ્રાપ્ત-સ્થિતિ-સંજોગોમાં સારૂં-માઠું અનુકૂળ-પ્રતિકૂળ ઇષ્ટઅનિષ્ટપણું આકુળવ્યાકુળપણું ન કરતાં તેમાં સમવૃત્તિએ અર્થાત્ પોતાના સ્વભાવે રાગદ્વેષ રહિતપણે રહેવું એ સમદર્શિતા "

'શાતા-અશાતા જીવન મૃત્યુ સુગંધ દુર્ગંધ,

સુસ્વર-દુસ્વર રૂપ-કુરૂપ શીત-ઉષ્ણ આદિમાં હર્ષ-શોક રતિ-અરતિ, ઇષ્ટ-અનિષ્ટપણું આર્ત્તધ્યાન ન વર્ત્તે તે સમદર્શિતા "

'હિંસા અસત્ય અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનો પરિહાર સમદર્શિને વિષે અવશ્ય હોય અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શિપણું ન સંભવે સમદર્શિતા અને અહિંસાદિ વ્રતોને કાર્યકારણ અવિનાભાવિ [?] અને અન્યોન્યાશ્રય સંબંધ છે એક ન હોય તો બીજું ન હોય અને બીજું ન હોય તો પહેલું ન હોય.'

સમદર્શિતા હોય તો અહિંસાદિ વ્રત હોય.
સમદર્શિતા ન હોય તો અહિંસાદિ વ્રત ન હોય.
અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શિતા ન હોય
અહિંસાદિ વ્રત હોય તો સમદર્શિતા હોય
જેટલે અંશે સમદર્શિતા
તેટલે અંશે અહિંસાદિ વ્રત, અને
જેટલે અંશે અહિંસાદિ વ્રત
તેટલે અંશે સમદર્શિતા

સદ્‌ગુરુયોગ્ય લક્ષણરૂપ સમદર્શિતા મુખ્યતાએ સર્વવિરતિ ગુણસ્થાનકે હોય, પછીનાં ગુણસ્થાનકે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જાય, વિશેષ પ્રગટ થતું જાય, ક્ષીણમોહસ્થાને તેની પરાકાષ્ટા અને પછી સંપૂર્ણ વીતરાગતા "

'સમદર્શિપણું એટલે લૌકિક ભાવનો સમાન ભાવ, અભેદભાવ એકસરખી બુદ્ધિ, નિર્વિશેષપણું નહીં અર્થાત

કાચ અને હીરો એ બે સમાન ગણવા, અથવા સત્શ્રુત અને અસત્શ્રુતમાં સમપણું ગણવું, અથવા સદ્ધર્મ અને અસદ્ધર્મમાં અભેદ માનવો અથવા સદ્ગુરુ અને અસદ્ગુરુને વિષે એકસરખી બુદ્ધિ રાખવી અથવા સદ્દેવ અને અસદ્દેવને વિષે નિર્વિશેષપણું રાખવું અર્થાત્ બન્નેને એકસરખા જાણવા ઇત્યાદિ સમાન વૃત્તિ એ સમદર્શિતા નથી, એ તો આત્માની મૂઢતા, વિવેકશૂન્યતા, વિવેકવિકળતા. સમદર્શી સત્‌ને સત્ જાણે, બોધે, અસત્‌ને અસત્ જાણે નિષેધે, સત્શ્રુતને સત્શ્રુત જાણે બોધે, કુશ્રુતને કુશ્રુત જાણે નિષેધે, સદ્ધર્મને સદ્ધર્મ જાણે બોધે, અસદ્ધર્મને અસદ્ધર્મ જાણે નિષેધે, સદ્ગુરુને સદ્ગુરુ જાણે બોધે, અસદ્ગુરુને અસદ્ગુરુ જાણે નિષેધે, સદ્દેવને સદ્દેવ જાણે બોધે અસદ્દેવને અસદ્દેવ જાણે નિષેધે, ઇત્યાદિ જે જેમ હોય તેને તેમ દેખે, જાણે પ્રરૂપે તેમાં રાગ દ્વેષ ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ન કરે એ પ્રકારે સમદર્શીપણું સમજવું. ૐ

સ્વરૂપસ્થિત ઇચ્છારહિત વિચરે પૂર્વપ્રયોગ, અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય

આત્મસ્વરૂપને વિષે જેની સ્થિતિ છે વિષય અને માનપૂજાદિ ઇચ્છાથી રહિત છે અને માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં એવાં કર્મના પ્રયોગથી જે વિચરે છે જેમની વાણી અપૂર્વ છે અર્થાત્ નિજઅનુભવસહિત જેનો ઉપદેશ હોવાથી અજ્ઞાનીની વાણી કરતાં પ્રત્યક્ષ

જુદી પડે છે, અને પરમશ્રુત એટલે ષટ્દર્શનના યથા સ્થિત જાણ્યા હોય એ સદ્ગુરુના યોગ્ય લક્ષણો છે

અત્રે સ્વરૂપસ્થિત એવું પ્રથમપદ કહ્યું તેથી જ્ઞાનદશા કહી ઇચ્છાનિરોધપદ કહ્યું તેથી ચારિત્ર દશા કહી ઇચ્છારહિત હોય તે વિચરી કેમ શકે? એવી આશંકા 'પૂર્વ પ્રયોગ એટલે પૂર્વનાં બંધાયેલા પ્રારબ્ધથી વિચરે છે વિચરવા આદિની જાણે જેને કામના નથી' એમ કહી નિવૃત્ત કરી અપૂર્વ વાણી એમ કહેવાથી વચનાતિશયના કહી કેમકે તે વિના મુમુક્ષુને ઉપકાર ન થાય. પરમશ્રુત કહેવાથી પર્દર્શન અવિરુદ્ધ દશાએ જાણનાર કહ્યા, એટલે જ્ઞાનનું વિશેષપદ દર્શાવ્યું

આશંકા—વર્તમાનકાળમા સ્વરૂપસ્થિત પુરુષ હોય નહીં, એટલે જે સ્વરૂપસ્થિત વિશેષણવાળા સદ્ગુરુ કહ્યા છે તે આજે હોવાયોગ્ય નથી

સમાધાન—વર્તમાનકાળમા કદાપિ એમ કહેવું હોય તો કહેવાય કે 'કેવળભૂમિકા' ને વિષે એવી સ્થિતિ અસંભવિત છે પણ આત્મજ્ઞાન જ ન થાય એમ કહેવાય નહીં અને આત્મજ્ઞાન તે જ સ્વરૂપસ્થિતિ છે

આશંકા—આત્મજ્ઞાન થાય તો વર્તમાનકાળમા મુક્તિ થવી જોઈએ અને જિનાગમમા તો ના કહી છે

સમાધાન—એ વચન કદાપિ એકાંતે એમ જ એમ ગણીએ તોપણ તેથી એકાવતારીપણાનો નિષેધ થતો નથી, અને એકાવતારીપણું આત્મજ્ઞાનવિના પ્રાપ્ત થાય નહીં.

આશંકા—ત્યાગ વૈરાગ્યાદિના ઉત્કૃષ્ટપણાથી તેને એકાવતારીપણું કહ્યું હશે

સમાધાન—પરમાર્થથી ઉત્કૃષ્ટ ત્યાગ વૈરાગ્ય વિના એકાવતારીપણું થાય જ નહીં, એવો સિદ્ધાંત છે અને વર્તમાનમાં પણ ચોથા પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાન નો કંઈ નિષેધ છે નહીં અને ચોથે ગુણસ્થાનકેથી જ આત્મજ્ઞાનનો સંભવ થાય છે, પાંચમે વિશેષ સ્વરૂપસ્થિતિ થાય છે છઠ્ઠે ઘણા અંશે સ્વરૂપ સ્થિતિ થાય છે, પૂર્વપ્રેરિત પ્રમાદના ઉદયથી માત્ર કંઈક પ્રમાદ દશા આવી જાય છે પણ તે આત્મજ્ઞાનને રોધ નથી ચારિત્રને રોધ છે

આશંકા—અત્રે તો સ્વરૂપસ્થિત એવું પદ વાપર્યું છે અને સ્વરૂપસ્થિત પદ તો તેરમે ગુણસ્થાનકે જ સંભવે છે

સમાધાન—સ્વરૂપસ્થિતિની પરાકાષ્ઠા તો ચૌદમા ગુણસ્થાનકને છેડે થાય છે કેમકે નામ ગોત્રાદિ ચાર કર્મનો નાશ ત્યાં થાય છે તે પહેલાં કેવળીને ચાર કર્મનો સંગ છે તેથી સંપૂર્ણ સ્વરૂપસ્થિતિ તો તેરમે ગુણસ્થાનકે પણ કહેવાય

આશંકા—ત્યાં નામાદિ કર્મથી કરીને અવ્યાબાધ સ્વરૂપસ્થિતિની ના કહે તો તે ઠીક છે, પણ કેવળજ્ઞાનરૂપ સ્વરૂપસ્થિતિ છે તેથી સ્વરૂપસ્થિતિ કહેવામાં દોષ નથી અને અત્રે તો તેમ નથી માટે સ્વરૂપસ્થિતપણું કેમ કહેવાય?

સમાધાન—કેવળજ્ઞાનને વિષે સ્વરૂપસ્થિતિનું તારતમ્ય

વિશેષ છે, અને ચોથે, પાંચમે છઠ્ઠે ગુણસ્થાનકે તેથી અધિક છે, એમ કહેવાય પણ સ્વરૂપસ્થિતિ નથી એમ ન કહી શકાય. ચોથે ગુણસ્થાનકે મિથ્યાત્વમુક્ત થા થવાથી આત્મસ્વભાવઆવિર્ભાવપણું છે અને સ્વરૂપસ્થિતિ છે પાચમે ગુણસ્થાનકે દેશે કરીને ચારિત્રઘાતક કષાયો રોકાવાથી આત્મસ્વભાવનું ચોથા કરતાં વિશેષ આવિર્ભાવપણું છે અને છઠ્ઠામાં કષાયો વિશેષ રોકાવાથી સર્વ ચારિત્રનુ ઉદયપણું છે, તેથી આત્મસ્વભાવનુ વિશેષ આવિર્ભાવપણું છે માત્ર છઠ્ઠે ગુણસ્થાનક પૂર્વનિબંધિત કર્મના ઉદયથી પ્રમત્તદશા ક્વચિત્ વર્ત્તે છે તેને લીધે 'પ્રમત્ત સર્વ ચારિત્ર' કહેવાય પણ તેથી સ્વરૂપસ્થિતિમાં વિરોધ નહીં, કેમકે આત્મસ્વભાવનું બાહુલ્યતાથી આવિર્ભાવપણું છે વળી આગમ પણ એમ કહે છે કે, ચોથે ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનકસુધી આત્મપ્રતીતિ સમાન છે, જ્ઞાનનો તારતમ્ય ભેદ છે

જો ચોથે ગુણસ્થાનકે સ્વરૂપસ્થિતિ અંશે પણ ન હોય, તો મિથ્યાત્વ જવાનું ફળ શું થયુ? કંઈ જ થયુ નહીં જે મિથ્યાત્વ ગયુ તે જ આત્મસ્વભાવનુ આવિર્ભાવપણું છે, અને તે જ સ્વરૂપસ્થિતિ છે જો સમ્યકત્વથી તથારૂપ સ્વરૂપસ્થિતિ ન હોત તો શ્રેણિકાદિને એકાવતારીપણું કેમ પ્રાપ્ત થાય? એક પણ ત્યાં વ્રત-પચ્ચખ્ખાણ નથી અને માત્ર એક જ ભવ જ બાકી રહ્યો એવું અલ્પ સંસારીપણું થયુ તે જ સ્વરૂપસ્થિતિરૂપ

સમકિતનું બળ છે પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાનકે ચારિત્રનું બળ વિશેષ છે, અને મુખ્યપણે ઉપદેશક ગુણસ્થાનક તો છઠ્ઠું અને તેરમું છે બાકીનાં ગુણસ્થાનકો ઉપદેશની પ્રવૃત્તિ કરી શકવાયોગ્ય નથી, એટલે તેરમે અને છઠ્ઠે ગુણસ્થાનકે તે પદ પ્રવર્તે છે નડિયાદ આસો વદ ૨ સ ૧૯૫૨

*સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ,
સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ ૧૨

દેહ માત્ર સયોગ છે, વળી જડ, રૂપી, દશ્ય,
ચેતનના ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય? ૬૨
આશંકા—જીવનું સ્વરૂપ અવિનાશી એટલે
નિત્ય ત્રિકાળ રહેવાવાળું મનાવતું નથી, દેહના યોગથી

---

*સદ્ગુરુના ઉપદેશથી, સમજે જિનનું રૂપ
તો તે પામે નિજદશા, જિન છે આત્મસ્વરૂપ
પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય,
સમજો જિનસ્વભાવ તો, આત્મભાનનો ગુજ્ય

સદ્ગુરુના ઉપદેશથી જે જિનનું સ્વરૂપ સમજે તે પોતાના સ્વરૂપની દશા પામે કેમકે શુદ્ધ આત્માપણું એ જ જિનનું સ્વરૂપ છે, અથવા રાગ દ્વેષ અને અજ્ઞાન જિનને વિષે નથી તે જ શુદ્ધ આત્મપદ છે અને તે પદ તો સત્તાએ સર્વ જીવનું છે તે સદ્ગુરુ-જિનને અવલબીને અને જિનના સ્વરૂપને કહેવે કરી મુમુક્ષુ જીવને સમજાય છે [અપૂર્ણ] નડિયાદ આસો વ૦ સ ૧૯૫૨

એટલે દેહના જન્મ સાથે તે જન્મે છે અને દેહના વિયોગે એટલે દેહના નાશથી તે નાશ પામે છે

સમાધાન —દેહ છે તે જીવને માત્ર સયોગ સમન્ધે છે પણ જીવનુ મૂળ સ્વરૂપ ઉત્પન્ન થવાનુ કઇ તે કારણ નથી અથવા દેહ છે તે માત્ર સયોગથી ઉત્પન્ન થયેલો એવો પદાર્થ છે વળી તે જડ છે એટલે કોઈને જાણતો નથી, પોતાને તે જાણતો નથી તો બીજાને શુ જાણે? વળી દેહ રૂપી છે સ્થૂળાદિ સ્વભાવવાળો છે અને ચક્ષુનો વિષય છે એ પ્રકારે દેહનુ સ્વરૂપ છે તો તે ચેતનની ઉત્પત્તિ અને લયને શી રીતે જાણે? અર્થાત્ પોતાને તે જાણતો નથી તો મારાથી આ ચેતન ઉત્પન્ન થયુ છે ' એમ શી રીતે જાણે? અને 'મારા છૂટી જવા પછી આ ચેતન છૂટી જશે અર્થાત્ નાશ પામશે' એમ જડ એવો દેહ શી રીતે જાણે? કેમકે જાણનારો પદાર્થ તો જાણનાર જ રહે છે દેહ જાણનાર થઈ શકતો નથી તો પછી ચેતનના ઉત્પત્તિ-લયનો અનુભવ કોને વશ કહેવો?

દેહને વશ તો કહેવાય એવુ છે જ નહી કેમકે તે પ્રત્યક્ષ જડ છે અને તેનુ જડપણુ જાણનારો એવો તેથી ભિન્ન બીજો પદાર્થ પણ સમજાય છે

જો કદી એમ કહીએ કે ચેતનના ઉત્પત્તિ-લય ચેતન જાણે છે તો તે વાત તો બોલતાં જ વિલ પામે છે કેમકે, ચેતનના ઉત્પત્તિ-લય જાણનાર તરીકે ચેત-

નનો જ અંગીકાર કરવો પડ્યો એટલે એ વચન તો માત્ર અપસિદ્ધાંતરૂપ અને કહેવા માત્ર થયું જેમ 'મારા મોઢામાં જીભ નથી' એવું વચન કોઈ કહે તેમ ચેતનના ઉત્પત્તિ-લય ચેતન જાણે છે માટે ચેતન નિત્ય નથી એમ કહીએ તે તેવું પ્રમાણ થયું તે પ્રમાણનું કેવું યથાર્થપણું છે તે તમે જ વિચારી જુઓ.

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દૃશ્ય,
ઉપજે નહીં સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ ૬૬

જે જે દેહાદિ સંયોગો દેખાય છે તે તે અનુભવ સ્વરૂપ એવા આત્માના દૃશ્ય છે અર્થાત્ આત્મા તેને જુએ છે અને જાણે છે એવા પદાર્થ છે તે બધા સંયોગોનો વિચાર કરી જુઓ તો કોઈ પણ સંયોગોથી અનુભવસ્વરૂપ એવો આત્મા ઉત્પન્ન થઈ શકવા યોગ્ય તમને જણાશે નહીં.

કોઈ પણ સંયોગો તમને જાણતા નથી અને તમે તે સર્વ સંયોગોને જાણો છો એ જ તમારું તેથી જુદાપણું અને અસંયોગીપણું એટલે તે સંયોગોથી ઉત્પન્ન નહીં થવાપણું સહજે સિદ્ધ થાય છે અને અનુભવમાં આવે છે તેથી એટલે કોઈ પણ સંયોગોથી જેની ઉત્પત્તિ થઈ શકતી નથી, કોઈ પણ સંયોગો જેની ઉત્પત્તિ માટે અનુભવમાં આવી શકતા નથી જે સંયોગો કલ્પીએ તેથી તે અનુભવ ન્યારો ને ન્યારો જ માત્ર તેને જાણનાર રૂપે જ રહે છે તે અનુભવ-

સ્વરૂપ આત્માને તમે નિત્ય અને અસ્પર્શ એટલે તે સંયોગોના ભાવરૂપ સ્પર્શને પામ્યો નથી, એમ જાણો
નડિયાદ આશો વ૦ ૨, સં૦ ૧૯૫૨

કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય,
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય ૬૬

કોઈ પણ સંયોગોથી જે ઉત્પન્ન ન થયું હોય અર્થાત્ પોતાના સ્વભાવથી કરીને જે પદાર્થ સિદ્ધ હોય તેનો લય બીજા કોઈ પણ પદાર્થમાં થાય નહીં, અને જો બીજા પદાર્થમાં તેનો લય થતો હોય તો તેમાંથી તેની પ્રથમ ઉત્પત્તિ થવી જોઈતી હતી નહીં તો તેમાં તેની લયરૂપ ઐક્યતા થાય નહીં માટે *આત્મા અનુત્પન્ન અને અવિનાશી જાણીને નિત્ય છે એવી પ્રતીતિ કરવી યોગ્ય લાગશે

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય,
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય ૬૭

'જે ચેતન છે, તે કોઈ દિવસ અચેતન થાય નહીં, જે અચેતન છે તે કોઈ દિવસ ચેતન થાય નહીં'

ચેતનની ઉત્પત્તિના કંઈ પણ સંયોગો દેખાતા નથી તેથી ચેતન અનુત્પન્ન છે તે ચેતન વિનાશ પામવાનો કંઈ અનુભવ થતો નથી માટે અવિનાશી છે નિત્ય અનુભવસ્વરૂપ હોવાથી નિત્ય છે

સમયે સમયે પરિણામાંતર થવાથી અનિત્ય છે
સ્વસ્વરૂપનો ત્યાગ કરવાને અયોગ્ય હોવાથી મૂળ દ્રવ્ય છે.

સર્પમાં જન્મથી ક્રોધનું વિશેષપણું જોવામાં આવે છે પારેવાને વિષે જન્મથી જ નિર્દોષપણું જોવામાં આવે છે માકડ આદિ જંતુઓને પકડતાં તેને પકડવાથી દુઃખ થાય છે એવી ભય સંજ્ઞા પ્રથમથી તેના અનુભવમાં રહી છે તેથી તે નાસી જવાનું પ્રયત્ન કરે છે કોઈક પ્રાણીમાં જન્મથી પ્રીતિનું કોઈમાં સમતાનું કોઈમાં અભયપણાનું કોઈમાં ગંભીરતાનું કોઈમાં વિશેષ નિર્ભયતાનું કોઈમાં કામાદિ પ્રત્યે અસંગતાનું, અને કોઈને આહારાદિ વિષે અધિક-અધિક લુબ્ધપણાનું વિશેષપણું જોવામાં આવે છે એ આદિ ભેદ એટલે ક્રોધાદિ સંજ્ઞાના ન્યૂનાધિકપણા આદિથી તેમજ તે તે પ્રકૃતિઓ જન્મથી સહચારીપણે રહી જોવામાં આવે છે તેથી તેનું કારણ પૂર્વના સંસ્કારો જ સંભવે છે

જોકે એમ કહીએ કે ગર્ભમાં વીર્ય-રેતના ગુણના યોગથી તે તે પ્રકારના ગુણો ઉત્પન્ન થાય છે પણ તેમાં પૂર્વજન્મ કંઈ કારણભૂત નથી એ કહેવું પણ યથાર્થ નથી જે માબાપો કામને વિષે વિશેષ પ્રીતિવાળાં જોવામાં આવે છે તેના પુત્રો પરમ વીતરાગ જેવા બાળપણથી જ જોવામાં આવે છે વળી જે માબાપોમાં ક્રોધનું વિશેષપણું જોવામાં આવે છે તેની સંતતિમાં સમતાનું વિશેષપણું દૃષ્ટિગોચર થાય છે તે શી રીતે થાય? વળી તે વીર્ય-રેતના તેવા ગુણો સંભવતા નથી કેમકે તે વીર્ય-રેત પોતે ચેતન નથી, તેમાં ચેતના સંચરે

છે એ ગે તે દેહ ધારણ કરે છે, એથી ફરીને વીર્ય–રેતને આશ્રયે ક્રોધાદિ ભાવ ગણી શકાય નહીં; ચેતનાવના કોઈ પણ સ્થળે તેવા ભાવો અનુભવમાં આવતા નથી માત્ર તે ચેતનાશ્રિત છે એટલે વીર્ય–રેતના ગુણો નથી, જેથી તેના ન્યૂનાધિક કરી ક્રોધાદિનું ન્યૂનાધિકપણું મુખ્યપણે થઈ શકવાયોગ્ય નથી, ચેતનના ઓછા અધિક પ્રયોગથી ક્રોધાદિનું ન્યૂનાધિકપણું થાય છે જેથી ગર્ભના વીર્ય–રેતનો ગુણ નહીં, પણ ચેતનનો તે ગુણને આશ્રય છે અને તે ન્યૂનાધિકપણું તે ચેતનના પૂર્વના અભ્યાસથી જ સંભવે છે, કેમકે કારણવિના કાર્યની ઉત્પત્તિ ન થાય. ચેતનનો પૂર્વ પ્રયોગ તથાપ્રકારે હોય તો તે સંસ્કાર રહે જેથી આ દેહાદિ પ્રથમના સંસ્કારોનો અનુભવ થાય છે અને તે સંસ્કારો પૂર્વજન્મ સિદ્ધ કરે છે અને પૂર્વજન્મની સિદ્ધિથી આત્માની નિત્યતા સહજે સિદ્ધ થાય છે *

નડિયાદ, સંવત ૧૯૫૨ આસો વદ ૨

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ,
જડસ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ ૭૪

જો ચેતનની પ્રેરણા ન હોય તો કર્મ કોણ ગ્રહણ કરે? પ્રેરણાપણે ગ્રહણ કરાવવારૂપ સ્વભાવ જડનો

*વિશેષ જાણવા જુઓ શ્રીમદ્ રાજચંદ્ર આંક ૪૦ (૩), ૫૫૧ આંક ૫૨૮ ૪૬૨ નીચે, પૃ. ૧૦૮ ૨૮૩ પાંચમી આવૃત્તિ

છે જ નહીં અને એમ હોય તો ઘટપટાદિ પણ ક્રોધાદિ ભાવમાં પરિણમવા જોઈએ અને કર્મના ગ્રહણકર્તા હોવા જોઈએ પણ તેવો અનુભવ તો કોઈને ક્યારે પણ થતો નથી જેથી ચેતન એટલે જીવ કર્મ ગ્રહણ કરે છે એમ સિદ્ધ થાય છે અને તે માટે કર્મનો કર્તા કહીએ છીએ અર્થાત્ એમ જીવ કર્મનો કર્તા છે તમે એમ પુછ્યુ કે કર્મના કર્તા કર્મ કહેવાય કે કેમ ?' તેનુ પણ સમાધાન આથી થશે કે જડ કર્મમાં પ્રેરણા-રૂપ ધર્મ નહીં હોવાથી તે તે રીતે ગ્રહણ કરવાને અસમર્થ છે અને કર્મનુ કરવાપણુ જીવને છે કેમકે તેને વિષે પ્રેરણાશક્તિ છે

કર્તા ઈશ્વર કાંઈ નહીં ઇશ્વર શુદ્ધ સ્વભાવ,
અથવા પ્રેરક તે ગણ્યે, ઇશ્વર હોન પ્રમાન ૭૭.

હવે તમે અનાયાસથી તે કર્મો થતા હોય એમ કહ્યુ તે વિચારીએ અનાયાસ એટલે શુ ? આત્માએ નહીં ચિંતવેલુ ? અથવા આત્માનુ કંઈ પણ કર્તૃત્વ છતાં પ્રવર્તેલુ નહીં ? અથવા ઈશ્વરાદિ કોઈ કર્મ વળગાડી દે તેથી થયેલુ ? અથવા પ્રકૃતિ પરાણે વળગે તેથી થયેલુ ? એવા મુખ્ય ચાર વિકલ્પથી અનાયાસકર્તાપણુ વિચારવા યોગ્ય છે

પ્રથમ વિકલ્પ આત્માએ નહીં ચિંતવેલુ એવો છે જો તેમ થતુ હોય તો તો કર્મનુ ગ્રહવાપણુ રહેતુ જ નથી અને જ્યાં ગ્રહવાપણુ રહે નહીં ત્યાં કર્મનુ હોવાપણુ સંભવતુ નથી, અને જીવ તો પ્રત્યક્ષ ચિંતવન

કરે છે, અને ગ્રહણાગ્રહણ કરે છે એમ અનુભવ થાય છે જેમાં તે કોઈ પણ રીતે પ્રવર્ત્તતો જ નથી તેવા ક્રોધાદિ ભાવ તેને સંપ્રાપ્ત થતા જ નથી, તેથી એમ જણાય છે કે નહીં ચિંતવેલા અથવા આત્માથી નહીં પ્રવર્તેલા એવા કર્મોનું ગ્રહણ તેને થવાયોગ્ય નથી એટલે એમ બે પ્રકારે અનાયાસ કર્મનું ગ્રહણ સિદ્ધ થતું નથી

ત્રીજે પ્રકાર ઈશ્વરાદિ કોઈ કર્મ વળગાડી દે તેથી અનાયાસ કર્મનું ગ્રહણ થાય છે એમ કહીએ તો તે ઘટતું નથી પ્રથમ તો *ઈશ્વરનું સ્વરૂપ નિર્ધારવું ઘટે છે અને એ પ્રસંગ પણ વિશેષ સમજવા યોગ્ય છે, તથાપિ અત્રે †ઈશ્વર કે વિષ્ણુઆદિ કર્તાનો કોઈ રીતે સ્વીકાર કરી લઈએ

* "ઈશ્વર શું છે? તે જગત્કર્તા છે એ ખરું છે? અમે તમે કર્મબંધમાં વસી રહેલા જીવ છીએ તે જીવનું સહજ સ્વરૂપ એટલે કર્મરહિતપણે માત્ર એક આત્મત્વપણે—જે સ્વરૂપ છે તે ઈશ્વરપણું છે જ્ઞાનાદિ ઐશ્વર્ય જેને વિષે છે તે ઈશ્વર કહેવાયોગ્ય છે અને તે ઈશ્વરતા આત્માનું સહજસ્વરૂપ છે જે સ્વરૂપ કર્મ પ્રસંગે જણાતું નથી પણ તે પ્રસંગ અન્ય સ્વરૂપ જાણી, જ્યારે આત્મા ભણી દૃષ્ટિ થાય છે ત્યારે અનુક્રમે સર્વજ્ઞતાદિ [પાઠાં૦ સર્વજ્ઞતાથી] ઐશ્વર્યપણું તે જ આત્મામાં જણાય છે અને તેથી વિશેષ ઐશ્વર્યવાળો કોઈ પદાર્થ—સમસ્ત પદાર્થો—નિરખતાં પણ અનુભવમાં આવી શકતો નથી જેથી ઈશ્વર છે તે આત્માનું બીજું પર્યાયિક નામ છે, એથી કોઈ વિશેષ સત્તાવાળો પદાર્થ ઈશ્વર છે એમ નથી, એવા નિશ્ચયમાં મારો અભિપ્રાય છે

†(૨) તે જગત્કર્તા નથી, અર્થાત્ પરમાણુ આકાશાદિ

છીએ અને તે પર વિચાર કરીએ છીએ—

જો આદિ કર્મના વળગવા નાશ હોય તો તો જીવ નામનો સ્વતંત્ર કોઈ પદાર્થ રહ્યો નહીં કેમકે પ્રેરણાદિ ધર્મે કરીને તનુ અસ્તિત્વ સમજાતુ હતુ તે પ્રેરણાદિ તો પ્રકૃત્યાદિ અથવા ઈશ્વરના ગુણ ઠર્યા તો પછી બાકી રહ્યુ તેનુ સ્વરૂપ શુ રહ્યુ કે જીવ અથવા તેને આત્મા કહીએ ? એટલે કર્મ ઈશ્વરપ્રેરિત નહીં પણ આત્માના પોતાના જ કરેલા હોવાયોગ્ય છે

તેમ ચોથા વિકલ્પ પ્રકૃત્યાદિ પરાણે વળગવાથી કર્મ થતા હોય ? તે વિકલ્પ પણ યથાર્થ નથી કેમકે પ્રકૃત્યાદિ

પદાર્થ નિત્ય હોવાયોગ્ય છે, તે કોઈ પણ વસ્તુમાંથી બનવાયોગ્ય નથી કદાપિ એમ ગણીએ કે તે ઈશ્વરમાંથી બન્યા છે તો તે વાત પણ યોગ્ય લાગતી નથી કેમકે ઈશ્વરને જો ચેતનપણે માનીએ તો તેથી પરમાણુ આકાશ વગેરે ઉત્પન્ન કેમ થઈ શકે ? કેમકે ચેતનથી જડની ઉત્પત્તિ થવી જ સંભવતી નથી જો ઈશ્વરને જડ સ્વીકારવામાં આવે તો સહેજે તે અનૈશ્વયવાન ઠરે છે તેમ જ તેથી જીવરૂપ ચેતનપદાર્થની ઉત્પત્તિ પણ થઈ શકે નહીં જડ-ચેતન ઉભયરૂપ ઈશ્વર ગણીએ તો પછી જડ ચેતન ઉભયરૂપ જગત્ છે તેનુ ઈશ્વર એવુ બીજુ નામ કહી સંતોષ રાખી લેવા તે કરતા જગત્‌ને જગત્ કહેવુ, એ વિશેષ યોગ્ય છે કદાપિ પરમાણુ આકાશાદિ નિત્ય ગણીએ અને ઈશ્વરને કર્માદિનો ફળ આપનાર ગણીએ તોપણ તે વાત સિદ્ધ જણાતી નથી એ વિચારપર ષટ્‌દર્શનસમુચ્ચય માં સારા પ્રમાણો આપ્યા છે

જડ છે તેને આત્મા ગ્રહણ ન કરે તો તે શી રીતે વળગવા યોગ્ય થાય ? અથવા દ્રવ્યકર્મનુ બીજુ નામ પ્રકૃતિ છે, જેને કર્મનું કર્તાપણુ કર્મને જ જોગ બગમગ થયુ તે તો પૂર નિષેધી દેખાડયુ છે પ્રકૃતિ નહીં તો અત ક રણાદિ કર્મ ગ્રહણ કરે તેથી આત્મામા કર્તાપણુ વળગે છે એમ કહીએ તો તે પણ એમતે સિદ્ધ નથી અત કરણાદિ પણ ચેતનની પ્રેરણાવિના અત કરણાદિરૂપે પ્રથમ ઠરે જ કયાથી ? ચેતન જે કર્મ વળગણાનું મનન કરવા અવલબન લે છે તે અત કરણ છે જો ચેતન મનન કરે નહીં તો કઈ તે વળગણામા મનન કરવાનો ધર્મ નથી તે તો માત્ર જડ છે ચેતનની પ્રેરણાથી ચેતન તેને અવલબીને કંઇ ગ્રહણ કરે છે તેથી તેના વિષે કર્તાપણુ આરોપાય છે પણ મુખ્ય પણે તે ચેતન કર્મનો કર્તા છે આ સ્થળે વેદાતી દૃષ્ટિએ વિચારશો તો અમારા આ વાકયો ભ્રાતિગત પુરુષનાં કહેલા લાગશે પણ હવે જે પ્રકાર કહ્યો છે તે સમજવાથી તમને તે વાકયની યથાતથ્યતા લાગશે અને ભ્રાતિગતપણુ ભાસ્યમાન નહીં થાય

જો કોઇ પણ પ્રકારે આત્માનુ કર્મનુ કર્તૃત્વપણુ ન હોય તો કોઇ પણ પ્રકારે તેનુ ભોક્તૃત્વપણુ પણ ન ઠરે અને જ્યારે એમ જ હોય તો પછી તેના કોઈ પણ પ્રકારના દુખોનો સભવ પણ ન જ થાય જ્યારે કોઈ પણ પ્રકારના દુખોનો સભવ આત્માને ન જ થતો હોય તો પછી વેદાતાદિ શાસ્ત્રો

સર્વદુ ખથી ક્ષય થવાનો જે માર્ગ ઉપદેશે છે તે શા માટે ઉપદેશે છે? જ્યાંસુધી આત્મજ્ઞાન થાય નહીં ત્યાંસુધી દુ ખની આત્યતિક નિવૃત્તિ થાય નહીં,' એમ વેદાતાદિ કહે છે તે જો દુ ખ ન જ હોય, તો તેની નિવૃત્તિનો ઉપાય શા માટે કહેવો જોઈએ? અને કર્તૃત્વપણુ ન હોય, તો દુ ખનુ ભોકતૃત્વપણુ ક્યાંથી હોય? એમ વિચાર કરવાથી કર્મનુ કર્તૃત્વ ઠરે છે

હવે અત્ર એક પ્રશ્ન થવાયોગ્ય છે અને તમે પણ તે પ્રશ્ન કર્યું છે કે જો કર્મનુ કર્તાપણુ આત્માને માનીએ, તો તો આત્માનો તે ધર્મ ઠરે અને જે જેનો ધર્મ હોય તે ક્યારે પણ ઉચ્છેદ થવાયોગ્ય નથી અર્થાત્ તેનાથી કેવળ ભિન્ન પડી શકવાયોગ્ય નથી જેમ અગ્નિની ઉષ્ણતા અથવા પ્રકાશ તેમ ' એમ જ જો કર્મનુ કર્તાપણું આ ત્માનો ધર્મ ઠરે તો તે નાશ પામે નહીં જેથી સર્વ પ્રમા ણાશના સ્વીકાર્યાવિના એમ ઠરે પણ વિચારવાન હોય તે કોઈ એક પ્રમાણાશ સ્વીકારીને બીજા પ્રમાણાશનો નાશ ન કરે તે જીવને કર્મનુ કર્તાપણું ન હોય ' અથવા 'હોય તો તે પ્રતીત થવા યોગ્ય નથી એ આદિ પ્રશ્ન કર્યાના ઉત્તરમાં જીવનુ કર્મનુ કર્તૃત્વ જણાવ્યું છે કર્મનું કર્તૃત્વ હોય તો તે ટળે જ નહીં એમ કઈ સિદ્ધાત સમજવો યોગ્ય નથી કેમકે જે જે કોઈ પણ વસ્તુ ગ્રહણ કરી હોય તે છોડી શકાય એટલે ત્યાગી શકાય કેમકે ગ્રહણ કરેલી વસ્તુથી ગ્રહણ કરનારી વસ્તુનુ કેવળ એકત્વ

કેમ થાય ? તેથી જીવે સહજ કરેલાં એવાં જે દ્રવ્યકર્મ તેનો જીવ ત્યાગ કરે તો થઈ શકવાયોગ્ય છે કેમકે તે તેનો સહજરી સ્વભાવ છે સહજ સ્વભાવ નથી અને તે કર્મને મે તમને અનાદિ ભ્રમ કહ્યો છે અર્થાત્ તે કર્મનું કર્તાપણુ અજ્ઞાનથી પ્રતિપાદન કર્યું છે તેથી પણ તે નિવૃત્ત થવાયોગ્ય છે એમ સાથે સમજવુ ઘટે છે જે જે ભ્રમ હોય છે, તે તે વસ્તુની ઉલટી સ્થિતિની માન્યતારૂપ હોય છે અને તેથી તે ટળવાયોગ્ય છે જેમ મૃગજળમાથી જળબુદ્ધિ

કહેવાનો હેતુ એ છે કે અજ્ઞાને કરીને પણ જો આત્માને કર્તાપણુ ન હોય તો તો કશુ ઉપદેશાદિ શ્રવણ, વિચાર જ્ઞાન આદિ સમજવાનો હેતુ રહેતો નથી

"સવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવનો સર્વ પ્રકારે જાણનાર, રાગદ્વેષાદિ સર્વ વિભાવ જેણે ક્ષીણ કર્યા છે તે ઈશ્વર"

હવે અહી આગળ જીવનુ પરમાર્થે જે કર્તાપણું છે તે કહીએ છીએ —

ચેતન જો નિજભાનમા, કર્તા આપસ્વભાવ,
વર્ત્તે નહીં નિજભાનમા, કર્તા કર્મ પ્રભાવ ૭૮

પોતાના સ્વરૂપના ભાનમા આત્મા પોતાના સ્વભાવનો એટલે ચૈતન્યાદિ સ્વભાવનો જ કર્તા છે અન્ય કોઈ પણ કર્માદિનો કર્તા નથી અને આત્મા જ્યારે પોતાના સ્વરૂપના ભાનમા વર્તે નહીં ત્યારે કર્મના પ્રભાવનો કર્તા કહ્યો છે

પરમાર્થે તો જીવ અક્રિય છે, એમ વેદાંતાદિનુ

નિરૂપણ છે અને જિનપ્રવચનમાં પણ સિદ્ધ એટલે શુદ્ધાત્માનું અક્રિયપણું છે એમ નિરૂપણ કર્યું છે છતાં અમે આત્માને શુદ્ધાવસ્થામાં કર્તા હોવાથી સક્રિય કહ્યો એવો સંદેહ અત્રે થવાયોગ્ય છે તે સંદેહ આ પ્રકારે શમાવવા યોગ્ય છે—શુદ્ધાત્મા પરયોગનો પરભાવનો અને વિભાવનો ત્યાં કર્તા નથી, માટે અક્રિય કહેવાયોગ્ય છે પણ ચૈતન્યાદિ સ્વભાવનો પણ આત્મા કર્તા નથી એમ જો કહીએ તો તો પછી તેનું કંઈ પણ સ્વરૂપ ન રહે શુદ્ધાત્માને યોગક્રિયા નહીં હોવાથી તે અક્રિય છે, પણ સ્વાભાવિક ચૈતન્યાદિ સ્વભાવરૂપ ક્રિયા હોવાથી તે સક્રિય છે ચૈતન્યાત્મપણું આત્માને સ્વાભાવિક હોવાથી તેમાં આત્માનું પરિણમવું તે એકાત્મપણે જ છે અને તેથી પરમાર્થનયથી સક્રિય એવું વિશેષણ ત્યાં પણ આત્માને આપી શકાય નહીં નિજ સ્વભાવમાં પરિણમવારૂપ સક્રિયતાથી નિજસ્વભાવનું કર્તાપણું શુદ્ધાત્માને છે તેથી કેવળ શુદ્ધ સ્વધર્મ હોવાથી એકાત્મપણે પરિણમે છે તેથી સક્રિય કહેતા પણ દોષ નથી. જે વિચારે સક્રિયતા અક્રિયતા નિરૂપણ કરી છે તે વિચારના પરમાર્થને જાણીને સક્રિયતા અક્રિયતા કહેતાં કશો દોષ નથી નડિઆદ સંવત ૧૯૫૨ આસો વ૦ ૨

ફેળકાના ઉપર ગાગરે બોજાનું સવાર,
એમ કહે ઈશ્વરતણું, ઈશ્વરાણું જ જાય ૯૦

ઈશ્વર સિદ્ધ થયા વિના એટને કર્મફળાદિ તૂ કોઈ પણ ઈશ્વર કયા વિના જગતની વ્યવસ્થા રહેવી સભવતી નથી,' એવા અભિપ્રાય પરત્વ નીચે પ્રમાણે વિચારવા યોગ્ય છે —

જો કર્મના ફળને ઈશ્વર આપે છે એમ ગણીએ તો ત્યા ઈશ્વરનુ ઈશ્વરપણુ જ રહેતુ નથી કેમકે પરને ફળ દેવા આદિ પ્રપચમા પ્રવર્ત્તતા ઈશ્વરને દેહાદિ અનેક પ્રકારનો સગ થવો સભવે છે, અને તેથી યથાર્થ શુદ્ધતાનો ભગ થાય છે મુક્તજીવ જેમ નિષ્ક્રિય ... અર્થાત્ પરભાવાદિનો કર્ત્તા નથી જો પ ભાવાદિનો કર્ત્તા થાય તો તો સસારની નિ ત્તિ થાય નહિ તેમજ ઈશ્વર પણ પરને ફળ દેવા આદિરૂપ ક્રિયામા પ્રવર્ત્તે તો તેને પણ પરભાવાદિના કર્ત્તાપણાનો પ્રસગ આવે અને મુક્ત જીવ કરતા તેનુ ન્યૂનત્વ ઠરે છે, તેથી તો તેનુ ઈશ્વર પણુ જ ઉચ્છેદ વા જેવી સ્થિતિ થાય છે

વળી જીવ અને ઈશ્વરનો સ્વભાવભેદ માનતા પણ અનેક દોષ સભવે છે બન્નને જો ચૈતન્યસ્વભાવ માનીએ તો બન્ને સમાન ધર્મના કર્ત્તા થયા, તેમા ઈશ્વર જગતાદિ રચે અથવા કર્મનુ ફળ આપવારૂપ કાર્ય કરે અને મુક્ત ગણાય અને જીવ એક માત્ર દેહાદિ સૃષ્ટિ રચે, અને પોતાના કર્મોનુ ફળ પામવા માટે ઈશ્વરાશ્રય ગ્રહણ કરે તેમજ બધમા ગણાય એ યથાર્થ વાત દેખાતી નથી એવી વિષમતા કેમ સભવિત થાય ?

વળી જીવ કર્તા ઈશ્વરનું સામર્થ્ય વિશેષ માનીએ તોપણ વિરોધ આવે છે ઈશ્વર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ગણીએ તો શુદ્ધ ચૈતન્ય એવા મુક્ત જીવમાં અને તેમાં ભેદ પડવાનો નહીં, એ અને ઈશ્વરથી કર્મનાં ફળ આપવાદિ ભાવ ન થવા જોઈએ આવા મુક્તજીવથી પણ તે થાય થવું જોઈએ અને ઈશ્વરને જો અશુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ગણીએ તેનો સંસારી જીવો જેવી તેની સ્થિતિ ઠરે ત્યાં પછી સર્વજ્ઞાદિ ગુણનો સંભવ ક્યાંથી થાય? અથવા દેહધારી સર્વજ્ઞની પેઠે તેને 'દેહધારી સર્વજ્ઞ ઈશ્વર' માનીએ તો પણ સર્વ કર્મફળદાતૃત્વરૂપ 'વિશેષ સ્વભાવ' ઈશ્વરમાં કયા ગુણને લીધે માનવાયોગ્ય થાય? અને દેહ તો નાશ પામવા યોગ્ય છે તેથી ઈશ્વરનો પણ દેહ નાશ પામે, અને તે મુક્ત થયે કર્મફળદાતૃત્વ ન રહે, એ આદિ અનેક પ્રકારથી ઈશ્વરને કર્મફળદાતૃત્વ કહેતાં દોષ આવે છે અને ઈશ્વર તેવે સ્વરૂપે માનતાં તેનું ઈશ્વરપણું ઉત્થાપવા સમાન થાય છે

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ ૮૬

આશંકા —તેમજ ઈશ્વર જો કર્મફળદાતા ન હોય અથવા જગત્કર્તા ન ગણીએ તો કર્મ ભોગવવાનાં વિશેષ સ્થાનકો એટલે નરકાદિ ગતિ આદિ સ્થાન ક્યાંથી હોય કેમકે તેમાં તો ઈશ્વરના કર્તૃત્વની જરૂર છે

સમાધાન —એવી આશંકા પણ કરવા યોગ્ય નથી.

કેમકે મુખ્યપણે તો ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ દેવલોક છે અને ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ નરક છે શુભાશુભ અધ્યવસાય તે મનુષ્ય તિર્યચાદિ છે અને સ્થાન વિશેષ એટલે ઊર્ધ્વલોકે દેવગતિ એ આદિ ભેદ છે જીવ સમૂહના-કર્મદ્રવ્યના પણ-તે પરિણામ -વિશેષ છે એટલે તે તે ગતિઓ જીવના કર્મવિશેષ પરિણામાદિ સંભવે છે

આ વાત ઘણી ગહન છે કેમકે અચિત્ય એવુ જીવ વીર્ય અચિત્ય એવુ પુદ્ગલસામર્થ્ય એના સયોગવિશેષથી લોક પરિણમે છે તેના વિચાર કરવા માટે ઘણો વિસ્તાર કહેવો જોઈએ પણ અત્ર તો મુખ્યપણે આત્મા કર્મનો ભોક્તા છે એટલો લક્ષ કરાવવાનો હોવાથી સાવ સક્ષેપે આ પ્રસગ કહ્યો છે નડિયાદ આશો વદ ૨ સ ૦ ૧૯૫૨

તે જિજ્ઞાસુ જીવને, થાય સ ગુરુ બોધ,
તો પામે સમકિતને, વર્તે અતર શોધ ૧૦૯
મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ,
લહે શુદ્ધ સમકિત તે, જેમા ભેદ ન પક્ષ ૧૧૦
વર્તે નિજ સ્વભાવનો અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિ વહે નિજભાવમા, પરમાર્થે સમકિત ૧૧૧

આત્મસિદ્ધિમા ત્રણ પ્રકારના સમકિત ઉપદેશ્યા છે -

૧ આપ્ત પુરુષના વચનની પ્રતીતિ રૂપ આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છદનિરાધપણે આપ્ત પુરુષની ભક્તિ રૂપ એ પ્રથમ સમકિત કહ્યું છે

૨ પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે

૩ નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે

પહેલુ સમકિત બીજા સમકિતનુ કારણ છે બીજુ સમકિત ત્રીજા સમકિતનુ કારણ છે ત્રણે સમકિત વીતરાગ પુરુષે માન્ય કર્યા છે ત્રણે સમકિત ઉપાસવાયોગ્ય છે સત્કાર કરવાયોગ્ય છે ભક્તિ કરવાયોગ્ય છે

ત્રણે સમકિતમાથી ગમે તે સમકિત પામ્યાથી જીવ વધારેમા વધારે પદર ભવે મોક્ષ પામે જઘન્ય તે ભવે પણ મોક્ષ થાય અને જો ત સમકિત વમે તો વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્ત કાળસુધી સસાર પરિભ્રમણ કરીને પણ મોક્ષ પામે સમકિત પામ્યા પછી વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્તન સસાર હોય

ભગવત્ તીર્થંકરના નિગ્રંથ-નિગ્રંથિનીઓ શ્રાવક તથા શ્રાવિકાઓ કઈ સર્વને જીવાજીવનુ જ્ઞાન હતુ તેથી તેને સમકિત કહ્યુ છે એવો સિદ્ધાતનો અભિપ્રાય નથી તેમાથી કે જીવોને તીર્થંકર સાચા પુરુષ છે સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે જેમ તે કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિથી એવી રુચિથી અને શ્રીતીર્થંકરના આશ્રયથી-નિશ્ચયથી-સમકિત કહ્યુ છે એવી પ્રતીતિ એવી રુચિ અને એવા આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય છે તે પણ એક પ્રકારે જીવાજીવના જ્ઞાનસ્વરૂપ છે પુરુષ સાચા છે અને

તેની પ્રતીતિ પણ આવી આવી છે જેમ આ પરમ કૃપાળુ કહે છે તેમ જ મોક્ષ માર્ગ છે તેમ જ મોક્ષ માર્ગ હોય તે પુરુષના લક્ષણાદિ પણ વીતરાગતાની સિદ્ધિ કરે છે જે વીતરાગ હોય તે પુરુષ યથાર્થ વક્તા હોય અને તેજ પુરુષની પ્રતીતિએ મોક્ષમાર્ગ આરાધવા યોગ્ય હોય એવી સુવિચારણા તે પણ એક પ્રકારનું ગૌણતાએ જીવાજીવનું જ જ્ઞાન છે તે અનુક્રમે તે રુચિથી અને તે આશ્રયથી પછી સ્પષ્ટ [illegible] જીવાજીવનું જ્ઞાન અનુક્રમે થાય છે તથારૂપ પુરુષની આજ્ઞા ઉપાસવાથી રાગ [illegible]નો ક્ષય થઈ વીતરાગતા થાય છે તથારૂપ સત્પુરુષના પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવવું [illegible] છે તેવા પુરુષના વચનરૂપ શાસ્ત્રથી કોઈક પૂર્વે આરાધક હોય એવા જીવને સમકિત થવું સંભવે છે અથવા કોઈ એક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઈક જીવને સમકિત પ્રાપ્ત કરાવે છે.

સમાપ્ત

શ્રીમત્ વીતરાગ ભગવંતે નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ પરમ હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃત સ્વરૂપ, એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો

શુદ્ધિ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫	૧૮	જિનની	જિનની
૮	૧	માગ	માર્ગ
૧૦	૨	મુક્તાનદાન	મુક્તિનિદાન
૧૦	૫	શબ્દના	શબ્દની
૧૫	૧૮	સો	સૌ
૨૫	૮	કર્મ	કર્મ
૩૪	૭	મં	કર્મ
૩૮	૪	ચારત્રને	ચારિત્રનો
૩૯	૧૫	પરમાથથી	પરમાર્થથી
૩૯	૧૬	ચતન્યપ્રદેશાત્મક	ચૈતન્યપ્રદેશાત્મક
૪૧	૬	તહ	તેહ
૪૭	૨૦	પણ તમ	પણ તેમ.